**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. **૨૫૧-૦૦** (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધન-ભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| અનાસક્તિ | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| સંનિધિ પર્વનો સ્નેહયજ્ઞ | નારાયણ હ. જાની | ૧૨ |
| સ્નેહયજ્ઞના પ્રથમ દિવસે પૂ. માનું સ્વાગત | ડો. બી. જે. જાગાણી | ૨૦ |
| સ્નેહયજ્ઞમાં કર્પૂરવનના મોભીઓને શ્રદ્ધાંજલિ | રાજેન્દ્ર જાની | ૨૭ |
| સ્નેહયજ્ઞ—અપૂર્વપર્વ | યોગેશ પંડ્યા | ૩૩ |
| સ્નેહયજ્ઞનો પ્રતિભાવ | પાગલ બાળ | ૪૨ |
| સ્નેહયજ્ઞના પરોક્ષ સહભાગી શ્રી નટુભાઇ ભક્ત | નટુભાઇ વલ્લભભાઇ ભક્ત | ૪૪ |
| પાલનપુરમાં દેશભક્તિના ગીતોની સ્પર્ધા | રાજુભાઇ જાની | ૪૬ |
| પ્રશ્નોપનિષદ્—(૪) | યોગેશ્વરજી | ૫૦ |
| પૂ. મા | ચાતક | ૫૪ |
| પૂ. માની સંનિધિમાં રીંછડિયા મહાદેવની યાત્રા | ડો. બી. જે. જાગાણી | ૫૫ |
| સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન | શ્રી યોગેશ્વરજી | ૫૯ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## ❁ અભિનંદનીય સહાય ❁

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ ફેબ્રુઆરી–૨૦૦૪ અંક ૫

# અનાસક્તિ

પૂ. યોગેશ્વરજી

પદ્મ પાણીની વચ્ચે પ્રકટે છે પરંતુ એની અસરથી દેખીતી રીતે જ અલિપ્ત રહે છે. એનાં પત્રોને પાણીની અથવા કાદવની અસર થતી નથી. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં એની સ્મૃતિ કરાવતાં કહેવામાં આવ્યું છે કે **पद्मपत्रमिवाम्भसा.**

અગ્નિને ઊધઈ નથી લાગતી. મહામણિની પાસે મેલ નથી ટકતો. ચંદ્રની ચારે તરફ અસંખ્ય અભ્રોનાં આવરણો આવે છે તોપણ ચંદ્રની કે ચંદ્રની ચારુતાપર એમનો અલ્પ પણ પ્રભાવ નથી પડતો. ચંદ્ર અને એની ચારુતા એથી અલિપ્ત જ રહે છે. શાસ્ત્રો તથા સત્પુરુષોએ સંસારના વિરોધાભાસી વાયુમંડળની વચ્ચે, પારવિનાની પ્રતિકૂળ પરિસ્થિતિઓની વચ્ચે, એવી રીતે અસંગ રીતે રહેવાનો સંદેશ પૂરો પાડ્યો છે અને એને અના-સક્તિનું નામ આપ્યું છે. અનાસક્તિ મનની અવસ્થા કે ભૂમિકા છે. એનો અર્થ પદાર્થોનો બાહ્ય પરિત્યાગ નથી. ઘર, કુટુંબ,

પરિવાર પ્રવૃત્તિને પરિત્યાગીને દૂર સુદૂરવર્તી સરિતાપ્રદેશ, ગિરિગહ્વર અથવા અરણ્યમાં જતા રહેવું એવો પણ નથી. જગતને ધિક્કારવું અને કર્તવ્યના અનુષ્ઠાનને તિરસ્કારવું એવો પણ નથી થતો. એનો અર્થ તો સૌમાં રહેવું. છતાં પણ સૌથી પર બનીને રહેવું, સૌની વચ્ચે વસવું છતાં પણ હૃદયમાં—અંતરના અંતરતમમાં કોઇને પણ ના વસાવવું, કોઇની મમતા અથવા આસક્તિ ના રાખવી એવો થાય છે. તન સંસારમાં પરંતુ મન પરમાત્મામાં. શ્વાસ સ્થૂળ જટિલ જગતમાં પરંતુ વાસ સૂક્ષ્માતિસૂક્ષ્મ જગતના અધીશ્વરમાં.

પરમાત્માની પ્રીતિ વિના, અલૌકિક આત્મજ્ઞાન વિના, અથવા આત્મનિરીક્ષણ વિના, એવી અનાસક્તિનો આવિર્ભાવ નથી થતો. અને થાય છે ત્યારે સાચી સુખાકારી, શાંતિ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ સહજ બને છે. જગત જગદીશ્વરની જ લીલા લાગે છે. બાધક બનવાને બદલે સાધક બને છે. પ્રવૃત્તિ અભિશાપરૂપ નહિ પરંતુ આશીર્વાદરૂપ ઠરે છે.

સમાજમાં ધનની, પદની, પ્રતિષ્ઠાની, સત્તાની, ઐશ્વર્યની, બાહ્ય સુખોપભોગની સ્પર્ધા અને એમાંથી પરિણમનારી આસક્તિ વધી જાય છે ત્યારે સમાજજીવન અસ્થિર, અવ્યવસ્થિત, અશાંત બને છે. એને સ્વસ્થ, સુવ્યવસ્થિત, શાંત રાખવા માટે પ્રત્યેક વ્યક્તિએ પોતપોતાના સ્થાનમાં સમ્યક્ રીતે શ્વાસ લેતાં અનાસક્ત રહેવાનો પ્રયાસ કરવો જોઇએ. આરંભમાં એવો પ્રયાસ કરવો પડે છે અને આગળ પર એ પ્રયાસ સહજ બને છે.

આસક્તિ બંધન છે. અનાસક્તિ જીવનમુક્તિની કલ્યાણ-કેડી છે.

○



# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૨૨–૧૦–૮૧ ગુરુવાર, આસો વદ દસમ, ૨૦૩૭, સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.**

આજે ગુરુવાર. પૂ. શ્રી સાથે સાડા અગિયાર વાગ્યે વરસોથી ગવાતી સાંઇબાબાની સ્તુતિ ગાવાનું બન્યું. સવારે છ વાગ્યે પૂ. શ્રી નિયમિત રીતે સ્નાન માટે બહાર (ઓરડામાંથી) નીકળે છે ત્યારે દરરોજ શ્રી સુરેશભાઇ ને વિમળાબેનને દર્શનનો લાભ મળી જાય છે. પૂ. શ્રીના દર્શન બાદ કામ ઉપર જવાનો તે બંનેને આનંદ જુદો હોય છે. છ પછી પૂ. શ્રી સ્નાન કરી વ્યાયામ કરી લે છે.

મંત્રજપની ૧૦૦ માળાનો નિયમ પણ પૂરો થાય છે, પછી લેખનકાર્ય શરૂ થઇ જાય છે. આજે ગુરુવાર હોવાથી વરસોથી ગવાતી સાંઇબાબાની સ્તુતિ પૂ. શ્રી સાથે સાડા અગિયારે ગાવાનું બને છે. આજથી સર્વેશ્વરી સવા લાખ જપનું અનુષ્ઠાન કરવા ધારે છે જેથી દરરોજની ૨૫૦ માળા કરવાનો નિયમ શરૂ થાય છે. આજે તે માળા થઇ ગઇ છે.

આજે બપોરે મગ—ભાતનું ભોજન લીધું, બપોરે આરામ કરી પૂ. શ્રી લેખનકાર્ય કરી લે છે. સાંજે છ વાગ્યે પૂ. શ્રી નીચે આવે છે. થોડી વાતો થાય છે ત્યાં જ વાતાવરણ બદલાય છે. વરસાદ બરફના રૂપમાં વરસવા લાગે છે. કાચમાંથી બહાર જોતા જાણે કોઇ સ્વર્ગલોકમાંથી હીમવર્ષા થતી હોય એવું દશ્ય જોઇને આનંદ થયો.

બરાબર સાડા છ વાગ્યે શ્રી સુરેશભાઇ પરીખ આવી જાય છે. પૂ. શ્રી તેમને આજે સ્વતંત્ર મુલાકાત આપે છે. તે ભાઇ અનન્ય શ્રદ્ધાળુ છે. પૂ. શ્રી તેમને ઉપર પોતાના ઓરડામાં લઇ જાય છે. ત્યાં સુરેશભાઇએ કહ્યું, 'મારે મંત્રજપ કરવો છે. ભગવાન નારાયણને માનું છું.' પૂ. શ્રીએ તેમને નારાયણનો જ મંત્ર જપવા કહ્યું, ત્યારે તેમણે કહ્યું કે, 'મારે તો હવે આપ જ સાક્ષાત્ પ્રભુ છો. મારે તો પ્રભુ તમારું જ નામ જપવું છે. તમારા જ ચરણોમાં બેસવું છે.' પૂ. શ્રી તે ભાઇની શ્રદ્ધા ને આગ્રહ જોઇ 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્ર પ્રદાન કરે છે. વળી તે ભાઇ કહેવા લાગ્યા, 'મારે તો સંન્યાસ લેવો છે.' પૂ. શ્રીએ કહ્યું, 'સંન્યાસ લેવામાં કે ત્યાગ કરવામાં મજા નથી. તમે હમણાં ઘરે રહીને જ સાધના કરો. આગળ ઉપર જોઇશું.' તે ભાઇ કહે, 'મારે તો તમારા શ્રી ચરણે જ બેસવું છે.' પૂ. શ્રીએ કહ્યું, 'મારું તો કોઇ ચોક્કસ સ્થાન નથી. સ્થાન થાય ત્યારે રહેવાય તો આવજો. ને જ્યારે દેશ આવવાનું બને ત્યારે જ્યાં પણ પ્રવચનો થતાં હશે ત્યાં પણ થોડા દિવસો રહેવું હોય તો રહી શકાશે.'

સુરેશભાઇ પરીખ કહેવા લાગ્યા, 'મારે ગુરુદક્ષિણામાં બે ટિકિટ આપવી છે.'

પૂ. શ્રીએ 'ના' પાડી! કહ્યું, 'ઈશ્વરકૃપાથી અમારી પાસે પૂરતા પૈસા છે. ગુરુદક્ષિણામાં તો શ્રદ્ધા ને પ્રેમ જ જોઇએ.' સુરેશભાઇ : ના, ના પ્રભુ! મારી આટલી વિનંતી સ્વીકારો. પૂ. શ્રી : અરે ભાઇ! અમારા નીચેવાળા સુરેશભાઇ પણ ટિકિટની જ વાતો કરે છે. તમારા બંને કરતાં હું જ આપું તે બરાબર છે.

સુરેશભાઇ : 'ના ના. એ તો અમે બંને સમજી લઇશું,



આપ એની ચિંતા ના કરો. સુરેશભાઇ શાહ તો સેવા કરે જ છે ને! મને એટલી સેવા કરવા દો પ્રભુ!'

પૂ. શ્રી : સારું, ટિકિટ લાવો પછી વિચારીશું.

સુરેશભાઇ પરીખ : પ્રભુ! હું દસેક વર્ષ પહેલાં જર્મનીમાં હતો. મને નારાયણના જ જપ ગમે. એક વાર રાત્રે સ્વપ્નમાં નારાયણનું પ્રકાશવાળું સ્વરૂપ ને સાથે બાળકૃષ્ણનું સ્વરૂપદર્શન થયું. થોડીવાર ગીતા વિશે પણ વાતો થઇ. તો એ ભ્રાન્તિ હતી કે સ્વપ્ન હતું કે કંઇ અનુભવ હતો? તે આપ કહો.

પૂ. શ્રી : ભ્રાન્તિ શા માટે? અનુભવ જ થયો છે. સારું ગણાય.

સુરેશભાઇ પરીખ : પણ હવે મારે આપનાં જ દિવ્યદર્શન કરવાં છે. મને એવા દર્શન કરાવોને પ્રભુ!

વાતો કરતાં કરતાં પૂ. શ્રી નીચે આવે છે. હજી બરફવર્ષા ચાલુ જ છે. આજે વાર્તાલાપમાં કોઇ જ નહીં આવે એવું વાતાવરણ છે. છતાં સમય થતાં ૧૦–૧૨ ભાઇબહેનો આવ્યાં છે. પૂ. શ્રીએ શ્લોક બાદ 'પ્રેમથી પ્રેમથી પ્રેમથી રે, મને રંગી દેને તારા પ્રેમથી.' ભજન ગવડાવ્યું. ત્યાર બાદ પ્રશ્નોત્તરી શરૂ થઇ.

પ્રશ્ન : સમાધિ એટલે શું? નિર્વિકલ્પ સમાધિ એટલે શું?

પૂ. શ્રી : ધ્યાનનું પાકેલું ફળ તે સમાધિ. આંબાનો મોર, તેમાંથી કાચા મરવા થાય તે એમાંથી પાકેલું ફળ કે કેરી. એ રીતે ધ્યાન કરતાં કરતાં મન એકાગ્ર થઇ જાય, દેહનું ભાન રહે, સમયનું ભાન રહે, પણ ધીમે ધીમે દેહભાન, સમયાભાન પણ ન રહે. જેમ દારૂ પીનાર પોતાનું ભાન ગુમાવે તેમ ધ્યાન કરતાં કરતાં ભાન ન રહે. શરીરની સભાનવૃત્તિથી ઉપર ઊઠવું તે અવસ્થા સમાધિ અવસ્થા કહેવાય. ધ્યાન સિવાય સમાધિ ન

થઇ શકે. જેમ બી. એ. વિના એમ. એ. ન થવાય. નિર્વિકલ્પ સમાધિ : જેમાં મન સમાઇ જાય. દર્શન ન થાય. કોઇ સંકલ્પ કે વિકલ્પ ન રહે તે નિર્વિકલ્પ સમાધિ.

સવિકલ્પ સમાધિ : જેમાં મન જીવતું રહે. દેહભાન ન રહે પણ દર્શનનો અનુભવ મળે. મનનો સૂક્ષ્મ ભાગ કામ કર્યા કરે. સંકલ્પ—વિકલ્પવાળી અવસ્થામાં જે દર્શન થાય તે અવસ્થા સવિકલ્પ સમાધિ.

અબ મોહે આનંદ અનહદ આયા.

સમાધિનો આનંદ લૂંટનાર મસ્ત બનીને ગાય છે.

'અબ મોહે આનંદ અનહદ આયા,
કિયા કીરાયા કુછ નહીં, સહેજે પિયાજી કો પાયા..
દેશ ન છોડ્યા, વેશ ન છોડ્યા, ના છોડ્યા સંસારા...'

અનહદ આનંદમાંથી આવીને પૂ. શ્રીએ આ ભજન ગાયું. ને કહેવા લાગ્યા, 'બીજા બધા આનંદની હદ હોય છે. જ્યારે આ આનંદની હદ જ નથી! બોલો, હવે કોઇ પ્રશ્ન છે?

પ્રશ્ન : ધનતેરસને દિવસે ચાંદીનું ધન કેમ દૂધથી ધૂએ છે?'

પૂ. શ્રી : ધૂએ છે? મને ખબર નથી. પણ તે સારું છે. કેમ કે ચાંદીનું ધન એટલે ચોખ્ખું ધન. આપણા ઘરમાં જે ધન આવે તે મેલ વિનાનું, અનીતિ વિનાનું, ચોખ્ખું રહેવું જોઇએ. ધન દૂધે ધોવાનું ઘણાં માણસો કહે છે. દૂધે ધોઇને પૈસા આપ્યા છે. એટલે કે પરસેવો પાડીને પૈસા મેળવ્યા છે ને તે આપ્યા છે. એટલે પરસેવાની કમાણી જોઇએ. આપણું ધન પરસેવાનું હોય તો તે શોભે છે. પવિત્ર ધનને દૂધથી જ ધોવાનું હોય ને!

લક્ષ્મીની પૂજા. લક્ષ્મી શક્તિ છે. પોતાને સુખી થવું હોય ને બીજાને સુખી કરવા હોય તો લક્ષ્મીની શક્તિની જરૂર છે. જેથી



એની પૂજા કરીને કહીએ કે 'હે દેવી! અમારી સાથે જ રહેજો. ખરી કમાણીના પૈસાને દૂધે ધોયેલા પૈસા કહેવામાં આવે છે. હું ઘણી વાર 'મા'ને કહું છું, સવારે લેખનકાર્ય પૂરું થાય એટલે કહું, હવે સમાજનું ભોજન કરી શકીએ. સમાજના હવે આપણે ચોર નથી. પ્રભુનું કામ કરીએ છીએ તો હવે ભોજન લઇ શકાય. કોઇ આપણને મદદ આપે છે, આપણે તેમને શાંતિ આપીએ છીએ. કોઇને રોટલા આપો તો તે ૨૪ કલાક જવાબ આપે. કોઇને વસ્ત્ર આપો તે તે થોડા દિવસ જવાબ આપે. પણ શાંતિ આપીએ તે તો જીવનભર, જન્માંતર સુધી ચાલે! જેથી આપણી સેવાના બદલામાં સમાજ આપણને કંઇક આપે તે સમાજ આપણા ઉપર ઉપકાર નથી કરતો. તેને તમે શાંતિ આપી સાચા માર્ગે ખાલી ખાલી આપવા તૈયાર નથી થતાં. તેમને એવું કંઇક મળ્યું છે, જેની સામે તે કંઇક આપવા માગે છે. તો આપણે જરૂર પૂરતું લેવું જોઇએ.

પ્રશ્ન : જીવનમાં થયેલી ભૂલોનો પશ્ચાત્તાપ કરીએ તો પ્રભુ માફ કરે?

પૂ. શ્રી : જરૂર કરે. ગુજરાતમાં કવિ કલાપી થઇ ગયા. તેમણે ગાયું—

"હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે."

ખરા દિલથી પ્રભુની ક્ષમા જ માંગીએ, ને સંકલ્પ કરીએ કે હવે ફરી આવી ભૂલ ન થાય. ભગવાને ગીતામાં પણ કહ્યું છે, અતિશય દુરાચારી પણ મને ભજે તો તેને હું ધર્માત્મા કરું છું, શાંતિ આપું છું, મારા ભક્તનો હું કદી નાશ થવા દેતો નથી.

ઘરમાં નાનું બાળક પિતા સામે હાથ જોડીને કહી દે કે,

ભૂલ થઈ છે. હવે નહીં કરું. તો એક સાધારણ પિતા પણ માફ કરી દે છે. તો આ તો આખા જગતના પિતા! જરૂર માફ કરી દે.

હવે, મા સર્વેશ્વરી ભજન ગાશે. એકાદ અનુભવ કહેશે.

જેથી પૂ. શ્રીની આજ્ઞા મુજબ સર્વેશ્વરીએ રાજીનામા પછી-નો પ્રસંગ કહીને એક ભજન ગાયું, ને શ્રોતાઓની વિનંતીથી ઇંગ્લેન્ડની ડાયરીનું એક પાનું વાંચ્યું. સૌ પ્રસાદ લઇ છૂટા પડ્યા. પૂ. શ્રીએ આજે ફક્ત દૂધ લીધું. આરામ કર્યો.

હરિઃ ૐ, હરિઃ ૐ, હરિઃ ૐ (ક્રમશઃ)

**શ્રેષ્ઠ પુરુષે નહીં આચરવા યોગ્ય બાબતો**

૧. આત્મનિંદા (આપત્તિકાળમાં પોતાની જાતને ધિક્કાર આપવો.) ૨. આત્મપૂજા (પોતાના સત્કાર કે યોગ્યતાની પ્રશંસા કરી તે.) ૩. પર-નિંદા. ૪. પરસ્તુતિ.

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : **૩૧૧૦૩૦૪**
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# સંનિધિ પર્વનો સ્નેહયજ્ઞ

**નારાયણ હ. જાની**

કપુરામાં આ વર્ષે તા. ૨૩–૧૨–૦૩ થી તા. ૨૮–૧૨–૦૩ સુધી મા શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વ ઉજવાયું. તેને નામ આપ્યું સ્નેહયજ્ઞ.

પૂ. મા શ્રી સર્વેશ્વરીના મોટાં બેન બનેવી—શ્રી શારદાબેન અને શ્રી રમેશભાઇના સુપુત્ર શ્રી જગદીપભાઇ અને તેમનાં ધર્મપત્ની શ્રી નયનાબેન તરફથી આ સંનિધિ પર્વનો સ્નેહયજ્ઞ યોજાયો. આ સંનિધિ પર્વની ભારતમાં ઉજવણી કરવાનું બીજ તો અમેરિકામાં ઓઝોના ખાતે શ્રી જગદીપભાઇએ જે શિબિર પૂ. માના સાન્નિધ્યે કરેલી, ત્યારે જ નંખાયેલું. તે ધીમે ધીમે પાંગર્યું ને ૨૦૦૩ ના ડીસેમ્બરમાં સાકાર થયું.

પૂ. મા એવા સદ્‌ભાગી પરિવારમાં જન્મ્યાં છે કે પરિવાર-માં તે સૌથી નાના હોવા છતાં તેમની આધ્યાત્મિક ઉચ્ચતાને જોઇને, સહુ વડીલો પણ તેમને વંદે.

વળી તેમના સાધનાકાળ દરમ્યાન સૌએ છેક પિતા—માતા, ભાઇઓ બહેનોથી માંડી તેમનાં સંતાનોએ પણ સમજપૂર્વકનો સાથ સહકાર ધર્યો—એટલે તેઓને પૂ. શ્રી સાથેના અને તે પહેલાના સાધનાકાળ દરમ્યાન—પરિવાર તરફથી કોઇ સંઘર્ષ વેઠવો ન પડ્યો. એથી ઉલ્ટુ તેઓએ તેમને પ્રેમપૂર્વક ભક્તિ-ભાવે આદરથી નિહાળ્યાં. તેમને સદા વંદતાં રહ્યાં એટલું જ નહિ, પરંતુ પોતાની સાંસારિક ઓળખ ધરીને શ્રી યોગેશ્વર પરિવારમાં કદી કોઇ વિશેષ માન કે અધિકારની અપેક્ષા પણ

ના રાખી. તો પૂ. માના પક્ષે—તેઓ એટલાં નમ્રતાતિનમ્ર રહ્યાં કે તેઓ પરસ્પર મળે ત્યારે પ્રણામ કરી વંદન કરે! જાણે આજે પણ એ વડીલોના નાનાં બાળ ન હોય!

જ્યાં આવું હોય ત્યાં જ પરિવારનાં જનોને—પૂ. માને જ નહિ, પૂ. મા અને પૂ. ગુરુદેવના ભક્તોને પોતાના ગામમાં આદરપૂર્વક નિમંત્રી—સહુને સ્નેહયજ્ઞના ભાગી બનાવ્યાં.

આપણે ઘણા યજ્ઞો વિષે સાંભળ્યું છે—જપયજ્ઞ હોય, તપ-યજ્ઞ હોય, યોગયજ્ઞ હોય, પરંતુ સ્નેહયજ્ઞ વિષે પહેલીવાર જ સાંભળ્યું. થયું કે શું સ્નેહનો પણ યજ્ઞ હોઈ શકે?

વિચારતાં લાગ્યું કે ભગવાન શ્રીકૃષ્ણે તો યજ્ઞની આખી વ્યાખ્યા જ બદલી નાંખી. તે પહેલા થતાં હોમાત્મક યજ્ઞોને સ્થાને તેઓએ એવી પરંપરા પ્રસ્થાપિત કરી કે જેમાં યજ્ઞ કરનારને કોઈ લૌકિક કે પારલૌકિક ફળપ્રાપ્તિની ઇચ્છા જ ન હોય, અને જે કર્મ સર્વજન હિતાય—સૌના હિત માટે થતું હોય, તે યજ્ઞ જ કહેવાય. પેલા ધૂમાડિયા યજ્ઞો કરતાં આ યજ્ઞને સમષ્ટિના કલ્યાણ માટેનો શ્રેષ્ઠ યજ્ઞ તેમણે કહ્યો.આ સંદર્ભે જોતાં શ્રી જગદીપભાઇ ને શ્રી નયનાબેનનું આ કાર્ય એક સાચો શ્રેષ્ઠ યશ જ બની ગયું.

મૂળ તો જગદીપભાઇ અને નયનાબેનને પોતાના પૂ. મા પ્રત્યેના આદરયુક્ત સ્નેહની અભિવ્યક્તિ કરવાની ભાવના. તે ભાવના વિસ્તૃત રૂપ ધારણ કરતાં આ સ્નેહયજ્ઞમાં પરિણમી. પૂ. મા એકલાં જ શું કરવા, ભલેને પૂ. ગુરુદેવ અને એમના ભક્તો પણ આપણા સ્નેહયજ્ઞના ભાગી બનતા. એ શુભ વિચારમાંથી આ સ્નેહયજ્ઞ સાકાર બન્યો.

આ સ્નેહયજ્ઞમાં આવતાં પહેલા જ અમને આ સ્નેહયજ્ઞ જ



છે, તેવો અહેસાસ પુરાવતી એક ઘટના બની.

તા. ૧૨ ડીસેમ્બરની આસપાસ એક દિવસ સવારે અમે-રિકાથી અમારા પર ફોન આવ્યો. કોણ હશે અમેરિકાથી ફોન કરનાર! વાત કરતાં ખબર પડી કે તે ફોન શ્રી જગદીપભાઇના બનેવી શ્રી ભારતીબેનના પતિ શ્રી રમેશભાઇનો હતો. તેઓની ભાવના હતી કે હું આ પૂ. માના સંનિધિ પર્વમાં જરૂરથી આવું. તે માટે જરૂર હોય તો તેઓ મુંબઇ એરપોર્ટથી ઉતરી વિમાનમાં સીધા મને ભાવનગર લેવા આવે અને અમે બંને અહીંથી કપૂરા જઇએ.

મૂળ વાત એ હતી કે શ્રી રમેશભાઇ ને ભારતીબેનને અમે અમેરિકામાં લોસ એનજેલેસમાં જૂન—જુલાઇ ૧૯૮૮ માં શ્રી ભગવાનજીભાઇ ભક્તને ત્યાં મળેલા. ત્યારે જ અમારી વય ૭૦ જેટલી હતી તો તે વાતને લગભગ ૧૫ વર્ષ થવા આવ્યાં એટલે અત્યારે અમે ૮૫ વર્ષના કપૂરા કેવી રીતે પહોંચવાના? તેમને તેની ચિન્તા હતી.

અમે તેમને ફોન પર જણાવ્યું કે અમે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ છીએ અને અમારી રીતે જરૂરથી કપૂરા તા. ૨૩ ડીસેમ્બર પહેલાં પહોંચીશું, તે જાણી તેમને સંતોષ થયો કે અમે કપૂરા આવવાના છીએ.

પરંતુ અમને એક વિચાર આવ્યો કે અમારા જેવા વૃદ્ધને તેડી જવા—કોઇ મુંબઇથી ભાવનગર આવવાનું કષ્ટ શું કામ ઉઠાવે? તેનો જવાબ એ જ હતો કે તેમના અમારા પ્રત્યેના સ્નેહે જ—તેમને આવો ફોન કરવા પ્રેર્યા. આમ આ સ્નેહયજ્ઞનો અનુભવ કપૂરા પહોંચતાં પહેલાં જ અમને પૂ. મા—પ્રભુએ કરાવ્યો.

## પૂ. શ્રી વામનભાઈનો સ્નેહભાવ

તો આ સ્નેહયજ્ઞના પ્રારંભ પહેલાં પૂ. શ્રી વામનભાઇ—પૂ. માના મોટાભાઇ—અંબાજી પધારેલા. તેઓએ સહુ ભક્તોને ખૂબ આગ્રહપૂર્વક કપૂરા આવવા નિમંત્રણ આપેલું. તેઓ પૂ. માના દર્શને અને સાધકોને રૂબરૂમાં આમંત્રણ આપવા આવેલા તેમને મન આ સંનિધિ પર્વનો ખૂબ ઉત્સાહ હતો. આ કોઇ સાંસારિક પ્રસંગ તો ન હતો. ભક્તોને પૂ. માનું સાન્નિધ્ય મળે તે રીતે ભક્તો લાભાન્વિત થાય તે જ તેઓની મૂળ ભાવના.

વળી મોટાભાઇ હોવા છતાં પૂ. માને તેઓ જે રીતે વંદન કરતા, તે જ સૂચક બનતું કે તેઓ પૂ. માને કોઇ સાંસારિક સંબંધે જોતા નથી. તેઓ સ્વભાવે ઓછાબોલા, છતાં તેમના થોડાક શબ્દોમાં તેમના હૃદયના સાચા ભાવોનું પ્રતિબિંબ પડતું.

કમનસીબી એ થઇ કે આ સંનિધિ પર્વનો પ્રારંભ થાય તે પહેલાં એક મહિના અગાઉ જ તેઓનો સ્વર્ગવાસ થઇ ગયો! આ ઘટના ખૂબ આઘાતજનક હતી. છતાં પરિવારનાં સહુ જનોએ તે જીરવી લઇ, આ સંનિધિના પર્વની ઉજવણી ઉપર કૌટુંબિક શોકની છાયા સુદ્ધાં ન પડવા દીધી. પૂ. માને લીધે જ આ શક્ય બન્યું. વળી શ્રી વામનભાઇનાં ધર્મપત્ની શ્રી ગંગા-બેને પણ શારીરિક અક્ષમતા હોવા છતાં સંનિધિ પર્વના કેટલાક કાર્યક્રમોમાં હાજરી આપી.

## પ્રભાતફેરી

પૂ. માની સૂચનાથી પૂ. વામનભાઇની ભાવના પ્રમાણે સવારની પ્રભાતફેરીનો પ્રારંભ તેઓના ઘરે—સહુ સાધકોને શ્રી ગંગાબેનના હાથે પ્રસાદ ધરીને કરવામાં આવતો. તો સહુ સાધકો પણ પૂ. માના માતા—પિતા શ્રી ભીખીબા અને શ્રી



કાલીદાસભાઇ તેમ જ શ્રી વામનભાઇના સ્વરૂપોને ભાવપૂર્વક વંદન કરતા. આ સ્વરૂપોને ચઢાવેલી પુષ્પમાળાઓ અને ફૂલો તથા પ્રકટાવેલ દીપ અને અગરબત્તીઓના ધૂપ સાથે એકધારી શ્રી યોગેશ્વરાય નમઃની ધૂનને લીધે, પ્રભાતનું એ વાતાવરણ આધ્યાત્મિક ભાવોથી સભર બની જતું. આવું આયોજન કરવા પાછળ પૂ. માનો ભાવ—શ્રી વામનભાઇની સૂક્ષ્મ ભાવનાને પરિતૃપ્ત કરવાનો હોઇ શકે. આપવામાં આવતો પ્રસાદ પણ રોજ રોજ બદલાતો રહેતો. પૌવાથી માંડી કાજુ—બદામનો સમાવેશ પણ તેમાં થઇ જતો. કેવો સરસ ઉદારભાવ. આ પ્રસંગે વ્યવસ્થા જાળવવામાં શ્રી વિનોદભાઇ, શ્રી સરોજબેન, શ્રી ભગવાનજીભાઇનો ફાળો ખાસ રહેતો, તો શ્રી નારણદાસ, શ્રી સાવિત્રીબેન, શ્રી ગુલાબબેન તેમ જ શ્રી સુભાષભાઇ વગેરે શ્રી ગંગાબેનના હાથે થતાં પ્રસાદ વિતરણમાં મદદરૂપ થતાં.

કપૂરા ગામના બધાં જ ફળિયામાં પ્રભાતફેરીના સાધકોનાં પગલાં પડતાં તો પૂ. ગુરુદેવ અને પૂ. માની ભાવપૂર્વક ગવાતી બાવનીઓ અને શ્રી યોગેશ્વરાય નમઃની ધૂનોથી આખું ગામ પરોઢિયાથી જ આધ્યાત્મિક ઉર્જાથી સભર બની જતું. તો ગામની ડેરીના દૂધ ભરવા આવતા—જતા ભાઇઓ અને બહેનો પણ ધૂનના ગાનમાં કદીક જોડાઇ જતાં. પ્રભુના નામના ગાન-નો પ્રભાવ જ એવો. આમ પ્રભાતનું આ દૃશ્ય કપૂરાને ભગ-વાન બાળકૃષ્ણના ગોકુળગામની યાદ અપાવી જતું.

## ધન્ય ધન્ય ધરા કર્પૂરવનની

પૂ. માનો એ ભાવ કે કર્પૂરવનને આંગણે જ્યારે આવું આધ્યાત્મિક પર્વ ઉજવાઇ રહ્યું છે ત્યારે એ ગામની ધરતી પણ શું કામ પ્રભુનામના ગૂંજન અને ભક્તોની ચરણરજના સંસ્પર્શ-

થી વંચિત રહી જાય! એટલે છ દિવસ દરમ્યાન પ્રભાતફેરીમાં ગામના બધાં જ ફળિયાને આવરી લીધાં. એને લીધે શારીરિક રીતે અશક્ત વૃદ્ધો જેઓ સત્સંગમંડપમાં ના આવી શકતા તેમની સવાર પણ ભગવાનના આ ધૂનના સ્વરોના ગુંજનથી સુધરી જતી. તો વળી એવા જીવો જે કદી પ્રભુને યાદ કરતા નથી, જેમના જીવનમાં કેવળ ભૌતિક પ્રવૃત્તિઓ સિવાય બીજો કોઈ વિચાર જ નથી, તેવા લોકોને આશ્ચર્ય થતું કે આટલા બધાં લોકો—સવારના પહોરમાં મીઠી નીંદ લેવાને બદલે આમ ફરવા શું કામ નીકળી પડતા હશે? તેઓની જે સમજ હોય તે, છતાં તેમના કાનો પ્રભુના નામની બાવની કે ધૂનથી પવિત્ર તો થતા. જેમ અગ્નિને અજાણતા કે ઈચ્છા વગર કોઈ અડે તો તે દાઝે જ, તેમ પ્રભુનું નામ ઈચ્છા વગર પણ કાને પડે તો મનુષ્યના પાપને બાળવાનું કામ કરે જ. માણસને આ સમજાતું નથી, કારણ કે તેને તે પ્રત્યક્ષ દેખાતું નથી.

• • •

કપૂરા નાનું ગામ. ભક્ત સમાજના લગભગ ૭૦ ઘરો. આવા નાનાં ગામમાં આવા મોટા પાયાપરના સંનિધિ પર્વનું આયોજન કરવું ઘણું અઘરું. કોઈ મોટા તાલુકા મથકના ગામ-માં તેનું આયોજન કરવું સુગમ રહે. આવા નાના ગામમાં લગભગ હજાર બારસો જેટલા મહેમાનોને સમાવવા—એ કેવી રીતે શક્ય બને? પણ તે બન્યું, તે જ મોટો ચમત્કાર.

પૂ. મા પ્રત્યેના પ્રેમ અને આદરને લીધે તે શક્ય બન્યું. બહારથી આવતા બધા જ સાધકોનો ક્યાં અને કેવી રીતે સમાવેશ થતો ગયો, તે ખબર ન પડી. જો કે તે માટે આયોજન પહેલેથી વિચારેલું હતું અને તે પ્રમાણે માર્ગદર્શન પણ કાર્યા-



લયથી મળતું. પરંતુ જ્યાં ત્રીસનો સમાવેશ માણ થાય તેમ હોય ત્યાં પચાસ પણ સમાઈ જતા જોયા. ઠંડી હતી છતાં ખરી મુશ્કેલી તો સવારે ૬.૩૦ પહેલાં તૈયાર થઈ જવાની હતી, કારણ સહુને જલ્દીથી પ્રાતઃ વિધિઓ પતાવી સ્નાન કરી પ્રભાતફેરીમાં પહોંચવાની ઉતાવળ. કારણ કે જેમના જેમના ઘરમાં સાધકોનો ઉતારો હતો ત્યાં ઘરનાં માલિકો કાં તો સૌથી પહેલાં તૈયાર જતાં અથવા સૌથી છેલ્લાં.

એવું લાગ્યું કે પૂ. માએ કપૂરા ગામના નિવાસીઓને એવી તાલીમ આપી કે, 'હું ને મારું'—એવા ભાવમાંથી છૂટો. બધું જ મારું એકનું નહિ, પણ સહુનું સહિયારું. સંસારમાં બાંધનાર કોઈ બંધન હોય તો આ મારાપણાનો ભાવ. તેમાંથી પૂ. માએ સહુને છોડાવ્યા. તો સાધકોને 'ફાવશે, ચાલશે, ગમશે'ની તાલીમ આપી.

આમ પૂ. માની કૃપાથી ઘરની આસક્તિમાંથી સૌ મુક્ત થયા અને પૂ. મા—પ્રભુના ભક્તોને પોતાનાં ઘર જ નહીં, પણ સાધનોય સોંપીને એમની ઉત્તમભાવથી આતિથ્ય—સેવા કરી ધન્ય બન્યા. ગામના બધા જ પરિવારો અહીં રહેતા કે પરદેશમાં વસતા પછી ભલે તે ભગવાન સ્વામીનારાયણના ભક્ત હોય કે સ્વાધ્યાય પરિવારના હોય, પરંતુ પૂ. મા સર્વેશ્વરી સંનિધિ પર્વના સ્નેહયજ્ઞમાં એક જ સેવાભાવથી જોડાઈ ગયા અને પ્રભુએ પણ કેવી કૃપા કરી કે આ દિવસો દરમિયાન ન કોઈ બીમાર પડ્યું, ન કોઈનો ગામમાં કે સમાજમાં સ્વર્ગવાસ થયો. બધા જ પ્રકારે ક્ષેમ—કુશળતા અનુભવાઈ. સાચું જ કહ્યું છે કે પ્રભુ જ્યારે અનુકૂળ હોય ત્યારે સારુય જગત તેને અનુકૂળ થઈ વર્તે છે.

કપૂરા જેવા નાનાં ગામમાં આવું મોટું આયોજન અને તે પણ છ—સાત દિવસ સુધી કરવું, એ ગામ લોકોના આવા અભૂતપૂર્વ સહકાર વિના શ્રી જગદીપભાઇ માટે અશક્ય જ નહીં, અસંભવ બની રહેત. સાચું પૂછો તો પૂ. મા—પ્રભુની કૃપા જ આમાં કામ કરી ગઇ. કપૂરા ગામ અને તેના લોકોને ધન્ય કરી ગઇ. હવે તો એ સ્વર્ગીય દિવસોની પાવન સ્મૃતિ રહી ગઇ. ધન્ય કરી ગઇ ભાગ લેનાર સાધકોને અને ગામના લોકોને.

આ દિવસો પણ ચાલ્યા જશે. —યોગેશ્વરજી

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



# સ્નેહયજ્ઞના પ્રથમ દિવસે પૂ. માનું સ્વાગત

ડો. બી. જે. જાગાણી

'અમે તો પંખી પારાવારના, અમારે દેશ શા? વિદેશ શા?' 'મા' સર્વેશ્વરી સંનિધિપર્વ નિમિત્તે આયોજિત સ્નેહયજ્ઞની પત્રિકામાં આ પંક્તિ છાપેલી છે. ભારત અને વિદેશમાંથી સાધકો કર્પૂરવનમાં (કપૂરા), આગલા દિવસે પધારે છે. પ્રત્યેક સાધકને માટે કપૂરાગામના સ્વજનો, સાધકો ને ભક્તોના ઘેર ઉતારાની વ્યવસ્થા કરી છે. તા. ૨૩—૧૨—૨૦૦૩ ના રોજ સાધકો બરાબર ૬—૩૦ કલાકે શ્રી વામનભાઇના ઘેર પૂ. મા—પ્રભુના સ્વરૂપને શિસ્તબદ્ધ રીતે પ્રણામ કરી ગંગામામીના હસ્તે પ્રસાદ લઇ પ્રભાતફેરી માટે ચાર—ચારની કતારમાં ગોઠવાઇ જાય છે.

શ્રી દમયંતીબેન, શ્રી નિલેશભાઇ ટેલર, શ્રી સરોજબેન, દીપુ અને જયુબેનનું ગાયકવૃંદ કર્પૂરવન(કપૂરા)નું યશોગાન અને ભવ્ય ઇતિહાસની ગાથાને મૂર્તિમંત કરતું પદ સુમધુર સ્વરે ગાય છે. આ પદ પૂ. માએ રચ્યું છે. આખો દિવસ આ પદની પંક્તિઓ કાનમાં ગૂંજ્યા કરતી હતી.

કર્પૂરવનની આ ધરતીને વંદન કરીએ આજ અમે,
સર્વેશ્વરીની જન્મભૂમિને પ્રણામ કરીએ આજ અમે.
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.
કર્પૂરવનનાં કાલીમંદિરનાં પૂજ્યજનો પ્રસન્ન થજો,
આવ્યા આંગણે આશિષ ધરજો, અમીદૃષ્ટિથી સુખ ધરજો.
પૂર્વજોનો પાવન પ્રસાદ સર્વેશ્વરીરૂપે ફળજો,
ઉપકારોનું સ્મરણ કરીને મસ્તક ચરણોમાં નમજો. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.

શત શત વંદન કરીએ આજે માત ભીખીબાને ચરણે,
શત શત પ્રણામ કાલીદાસજી બાપુજીને કરીએ અમે,
સર્વેશ્વરીને પ્રગટાવીને માત ભીખીબા અમર થયા,
સંત ચરણે અર્પણ કરતા કાલીદાસજી ધન્ય થયા. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.

સંત કબીરનાં જ્ઞાનઘૂંટીને પરમાર્થીએ અહીં પીધા,
તુલસીરામજી શિવઆરાધક ધ્યાની સાધક અહીં થયા,
મથુર રામજી ગૃહસ્થ કર્મી ભજનાનંદે સ્થિર થયા,
ગોવિંદરામજી જ્ઞાની પંડિત કર્પૂરવનની શાન બન્યા. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.

રાધામોહન મકનરામજી અધ્યાત્મજગે અહીં થયા,
ઉત્તમ પ્રકાશ ત્યાગી સંત આ ધરતીપર પ્રગટ થયા,
પરમાર્થીના જ્ઞાન પ્રકાશે યોગેશ્વર પ્રભુ અહીં વિચર્યા,
રામ રસાયણ, સ્વામી નારાયણ સંતના દર્શન અહીં થયા. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.

સાધુ સંતના સર્વ વિસામા શ્રી વલ્લભને દ્વાર થતાં,
વચલે મુકામ કરતાં કરતાં કથામૃત સૌને ધરતા,
જન્માષ્ટમીના મંગલ ઉત્સવ રામમહંતને દ્વાર થતાં,
ભક્ત સમાજના અધિવેશન પણ આ ધરતીપર થતાં રહ્યાં. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.

કર્પૂરવનમાં ગાંધી વનોબા વીરવલ્લભનાં પગલાં પડ્યા,
સત્યાગ્રહનો જંગ જીતવા કૈંક વિસામા અહીં થયા,
આઝાદીના શૂરવીર સૈનિક આ ધરતીપર ઘણા થયા,
રાષ્ટ્રપતિ સન્માન વિજેતા કર્પૂરવનની મૂડી બન્યા. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.



કૃષિક્ષેત્રે પ્રયોગ કરતાં સંશોધકો અહીં થયા,
સમાજસેવક, દાનવીરો, જ્ઞાનવીરો અહીં થયા,
કાલીવડને તુલસીવડ તો સાક્ષી બનીને આજ ઊભા,
કર્પૂરવનની રક્ષા કરતાં શિવજીને હનુમંત ઊભા. (૨)
જય જય કર્પૂરવન, જય જય ભારતખંડ.

પૂ. મા—પ્રભુની ગુરુબાવનીનું ગાન કરતાં કરતાં સૌ સાધકો પ્રભાતવંદના કરે છે અને સ્નેહયજ્ઞના મુખ્ય દરવાજે આવે છે. ત્યાં સૌ બેસીને મંત્રગાન કરે છે. ભાઈઓ અને બહેનોને અલગ અલગ રીતે પ્રવેશદ્વારમાં પ્રવેશ કરવાની સૂચના મળે છે. ભાઈઓના કપાળે શ્રી જગદીપભાઈ ચંદનનું તીલક કરે છે, બહેનોના કપાળે શ્રીમતી નયનાબેન ચંદનનું તીલક કરે છે, ભાઈઓને શ્રી પાર્થ એક એક માળા આપે છે તો બહેનોને શ્રી પૂજા એક એક માળા આપે છે. ભાઈઓને શ્રી રમેશભાઈ ગૌમુખી આપે છે અને બહેનોને શ્રી રાધિકા ગૌમુખી આપે છે. શ્રી સંજયભાઈ ભાઈઓને પ્રસાદ આપે છે તો બહેનોને શ્રી વીણાબેન પ્રસાદ આપે છે. શ્રી નારાયણભાઈ, શ્રીમતી શારદા-બેન, શ્રીમતી સુશીલાબેન, શ્રીમતી ભારતીબેન, શ્રી રમેશ-ભાઈ સૌ સાધકોને હાથ જોડીને વંદન કરતાં આવકારે છે.

યજમાન પરિવારના સૌ સભ્યો વિશ્વની આધ્યાત્મિકતાની પરિષદ્‌માં સૌનું ભાવભીનું સ્વાગત કરી રહ્યા હોય ને સૌ સ્વર્ગમાં પ્રવેશ કરી ધન્યતાનો અનુભવ કરી રહ્યા હોય એવો અનુભવ થાય છે. યજમાન પરિવારને મન સાધકો એ વૈષ્ણવો છે. વૈષ્ણવ પ્રભુને પ્રાણથી પ્યારા છે. માટે પ્રભુના સૌ પ્યારાને યજમાન પરિવારના નાનાં—મોટાં સૌ સભ્યો હાથ જોડી વંદન કરતાં સ્વાગત કરે છે.

સ્નેહયજ્ઞનો શમિયાણો ભવ્ય છે. ૧૨૦૦ જેટલા સાધકો સગવડતાથી બેસી શકે તેવી સુંદર વ્યવસ્થા છે. કાર્પેટ પાથરેલી છે. તેના પર ગાદલા છે. ભાઈઓ બહેનોની અલગ—અલગ બેઠક વ્યવસ્થા છે. વૃદ્ધો, અશક્તો માટે બેસવા ખુરશીઓ પણ છે. આ ખુરશીઓ નીચે બેઠેલા સાધકોને નડે નહીં તે રીતે ગોઠવેલી છે. બંને બાજુ ક્લોઝ સર્કિટ વિડિયો શૂટિંગના મોટા પડદાઓ છે. જેના પર દૂરથી શૂટિંગના જીવંત દશ્યો જોઈ શકાય છે. આખા શમીયાણામાં 'ૐ મા'ના પતાકા લટકાવ્યા છે. સ્ટેજપર એક મોટું બેનર છે. સ્ટેજ પર બરાબર વચ્ચે પૂ. શ્રીના સ્વરૂપ માટે એક કુટિયા બનાવેલી છે. જમણી બાજુએ ફૂલોથી સુશોભિત પૂ. મા માટે હીંડોળો છે.

સવારના ૭.૧૫ કલાકે 'ૐ મા—સર્વેશ્વર્યૈ નમઃ'નું મંત્રગાન જયુબેન અને મયૂરીબેન કરાવે છે. સૌ કતારબંધ બેઠા છે. વચ્ચે રસ્તો છે. યજમાન પરિવાર પૂ. શ્રીના મોટાં સ્વરૂપને લઈને કુટિયામાં પધરામણી કરાવે છે. પૂ. શ્રીનું આ સ્વરૂપ જીવંત ને સાક્ષાત્ છે તે રીતે અને તેટલા જ પૂજ્યભાવે કુટિયામાં પધરાવે છે. વાતાવરણમાં શીતળતા છે. સૌના મનમાં થાય છે કે હવે શું થશે?

બરાબર ૭.૪૫ કલાકે પૂ. માનું સ્વાગત કરવા યજમાન પરિવાર સ્નેહયજ્ઞના દરવાજે જાય છે. પ્ર. ભા. વિદ્યાલયના ૬૦ બાળકો રંગીન ધજાઓ લઈને કતારમાં ગોઠવાયાં છે. ૬૦ બાલિકાઓના મસ્તક પર શણગારેલા ગરબા છે. પ્રત્યેક ગરબા પર મોટા ગુલાબનાં પુષ્પો છે. ૧૧ મોટી બહેનોએ શણગારેલાં મોટાં માટલાં મસ્તક પર મૂક્યાં છે. સૌ સરસ મજાના ડ્રેસમાં સજ્જ છે. બહેનો સંકીર્તન સાથે રાસ લે છે. આવા સજ્જ



ભક્તોની વચ્ચે ધીમી ધીમી ચાલે પૂ. મા પધારે છે. પૂ. માએ હસ્તકમળ જોડલાં છે. શ્રી જગદીપભાઈના હાથમાં પૂ. શ્રીનું સ્વરૂપ છે. પૂ. માની આગળ સાફો પહેરેલો પાર્થ ચામર ઢોળે છે, પૂ. માના રસ્તા પર રાધિકા પુષ્પ પાંદડીઓ વેરે છે. શ્રીમતી નયનાબેન, શ્રી રમેશભાઈ, શ્રી શારદાબેને, શ્રી કૌશલ પૂ. માની બાજુમાં સાથે ચાલે છે. એક બાજુ શંખનાદ થાય છે. બીજી બાજુ મીરાબેન ચૌધરીનું ગાયન—વાદન વૃંદ પૂ. માના સ્વાગત માટે ગીતો ગાય છે. આ દશ્ય જ એટલું અદ્ભુત છે કે જાણે આપણે કોઈ દિવ્ય લોકમાં ભૂલા તો નથી પડી ગયાને!

૧. આતો મારી માવડીના રથનો રણકાર,<br>
આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો.<br>
—રૂમ ઝુમ...

૨. ઊડીને ચડિયો આકાશ—માનો ગરબો ઘૂમે છે,<br>
ઈરે ગરબામાં સૂરજ બિરાજ્યા,<br>
પથરાયો રૂડો પ્રકાશ.—માનો ગરબો ઘૂમે છે.

૩. મેં તો શણગાર્યો ચાચર ચોક,<br>
માડી ઘેરે આવજો.

ગરબા ગવાય છે. પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપને પ્રણામ કરે છે. પૂ. શ્રીના સ્વરૂપને હીંડોળા પર પધરાવે છે. પૂ. મા હીંડોળા પર બિરાજમાન થાય છે. પૂ. શ્રીના સ્વરૂપને પુષ્પહાર ધરી પૂ. માને યજમાન પરિવારનો સૌ સભ્યો પુષ્પ અર્પણ કરે છે અને પ્રણામ કરે છે. નાનકડો કૌશલ પુષ્પ અર્પણ કરે છે તો પૂ. મા તેના કુર્તામાં પુષ્પગુચ્છ મૂકે છે. તે ખૂબ રાજી થઈ જાય છે.

શ્રીમતી મીરાબેનનું ગાયન—વાદન વૃંદ તો અસ્ખલિત ધારાની જેમ એક પછી એક ગીતો ગાયાં જ કરે છે.

'આપને તારા અંતરનો એક તાર,
બીજું હું કાંઇ ના માગું રે...'

શ્રી રાજુભાઇ જાની સ્નેહયજ્ઞના યજમાન પરિવારના સભ્ય-શ્રીઓને સ્ટેજ પર આવવા વિનંતી કરે છે. પૂ. મા સૌ સભ્યોને તીલક કરે છે અને બેજ અર્પણ કરે છે. સ્ટેજ પર યજમાન પરિવારના સભ્યો (શ્રી ગંગામામી, શ્રીમતી શારદાબેન, શ્રી રમેશ-ભાઇ, શ્રી જગદીપભાઇ, શ્રીમતી નયનાબેન, શ્રીમતી સુશીલા-બેન, શ્રી નારણભાઇ–શ્રીમતી સાવિત્રીબેન, શ્રી રમેશભાઇ, શ્રીમતી ભારતીબેન, પાર્થ, પૂજા, શ્રીમતી વીણાબેન–શ્રી સંજય-ભાઇ, રાધિકા, કૌશલ.) ઉપસ્થિત છે. સૌની સાથે પૂ. મા બાળ સહજ ચેષ્ટાઓ કરતાં કરતાં બેજ અર્પણ કરે છે. યજમાન પરિવાર પૂ. માને પ્રણામ કરે છે અને સૌ સાધકોને પણ વંદન કરે છે.

બેજ અર્પણવિધિ દરમિયાન શ્રીમતી દમયંતીબેન પૂ. માએ રચેલું પદ 'સ્મરણ–પ્રક્ષાલન' સુમધુર કંઠે ગાય છે. વાતાવરણ ભક્તિમય થઇ જાય છે. સ્વર્ગમાંથી ભગવાન ઉતર્યા હોય એવું સૌ અનુભવે છે. આ પદ 'પોયણું પાંગર્યું (મા સર્વેશ્વરીની શૈશવકથા)' નામના પુસ્તકના પાછલા પૃષ્ઠ પર છાપેલું છે.

સવારના બરાબર ૯–૦૦ કલાકે કપૂરા મહિલા મંડળની ૮ બહેનો સ્વાગતગીત નૃત્ય સાથે રજૂ કરે છે.

'વંદે શારદા દેવી શારદા
મુજ અંતરના અભિલાષની
સ્વીકારજો આરાધના–વંદે'

આ ગીત પછી તાળીઓનો ગડગડાટ થાય છે. પૂ. મા પણ તાળીઓ પાડે છે.

શ્રી જગદીપભાઇ યજમાન પરિવાર વતી ટૂંકું પણ અસર-કારક શાબ્દિક સ્વાગત કરે છે. 'જય કૃપાળુ મા, પૂ. માનો



આભાર, સ્નેહયજ્ઞ યોજવાની તક મળી, અમને નિમિત્ત બનાવ્યા, અમારી નાનકડી માગણી છે કે આવી તક પૂ. મા જન્મોજન્મ આપે. આપ સૌ અહીં આપ્યા તેથી અમારો આનંદ વધ્યો છે. ચાલો પૂ. માની ઉપસ્થિતિમાં સંનિધિપર્વની ઉજવણી સાથે કરીએ.'સાધકો ૯–૧૫ થી ૯–૪૫ સુધી પૂ. માની ઉપસ્થિતિમાં ૨૬૨ પ્રણામ મરજિયાતપણે કરે છે. પૂ. મા સ્ટેજ પર છે. સ્કૂલના બાળકોને પૂ. મા સાથે પ્રણામ કરવા સ્ટેજપર બોલાવે છે. પૂ. મા આ બાળકોથી ઘેરાઇ જાય છે. ચારે બાજુ બાળકો ને વચ્ચે પૂ. મા છે. આ દૃશ્ય અનેરું હતું. કુટિયામાં બિરાજમાન પૂ. શ્રીનું સ્વરૂપ જીવંત બની પ્રણામ સ્વીકારે છે અને પ્રણામની શક્તિ આપે છે એવો પૂ. માનો ભાવ એટલે એની મસ્તી જ ઔર હતી.

પ્રણામ પૂર્ણ થયે પૂ. મા સ્લેટપર લખે છે. 'આજે બધા જ બાળકોએ ૨૬૨ પ્રણામ મા સાથે કર્યા છે. કેનેડાનો ધ્રુવ (ધ્રુવને સ્ટેજ પર બોલાવે છે.) ૧૩ વર્ષનો છે. વર્ષમાં બે–ત્રણ વાર એક દિવસમાં ૧૦૦૦ પ્રણામ કરે છે. કેલેગેરી શિબિરમાં આ બાળકે ૬૦૦૦ પ્રણામનો નિયમ પાળ્યો હતો. આપણે ધ્રુવને મંત્રગાનથી વધાવીએ. (પૂ. મા ઊભા થઇને ધ્રુવને હાર પહે-રાવે છે). આજે અમારી જન્મભૂમિના બાળકોએ પ્રણામમાં સહયોગ આપ્યો. ખૂબ સરસ રીતે પ્રણામ કર્યા.' સૌ બાળકોને પૂ. મા પરદેશની લાંબી ચોકલેટનો પ્રસાદ આપે છે. સવારના ૧૦.૧૫ કલાકે સવારની બેઠક પૂર્ણ થાય છે. પૂ. મા પોતાના ઉતારા પર જવા સ્ટેજ પરથી નીચે ઉતરે છે. સાથે શ્રી જગદીપ-ભાઇને નયનાબેન ચાલે છે. સૌ સાધકો ફળ–દૂધનો નાસ્તો લેવા ભોજન માટેના શમિયાણામાં જાય છે. □

# સ્નેહયજ્ઞમાં કર્પૂરવનના મોભીઓને શ્રદ્ધાંજલિ

ડો. બી. જે. જાગાણી

શ્રી મોહનભાઇ ભક્ત, શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી અને શ્રી વામનમામા કર્પૂરવનની ત્રણ મોભી વ્યક્તિઓએ ભૌતિક શરીર છોડીને જીવનની આગળની યાત્રા શરૂ કરી છે. સ્નેહયજ્ઞમાં આ ત્રણેય વ્યક્તિ વિશેષને શ્રદ્ધાંજલિ આપવા માટે પૂ. માની ઉપસ્થિતિમાં તા. ૨૩–૧૨–૦૩ ના રોજ બેઠક યોજવામાં આવેલ. આ ત્રણેય મહાનુભાવો પૂ. મા–પ્રભુને સમર્પિત હતા. સાધકો પૈકી જે સાધકોને આ વ્યક્તિઓનો ગાઢ અનુભવ હતો તે સાધકોએ સહુ કોઇને ઉપયોગી થાય તેવાં જીવનના સત્યો પોતાનાં વક્તવ્યોમાં વર્ણવ્યાં. જેને આત્મસાત્ કરવાથી આપણું જીવન પણ સુગંધિત બને અને તેઓને સાચી શ્રદ્ધાંજલિ મળે એ હેતુથી સંકલન બિંદુઓ અહીં મૂકવા નમ્ર પ્રયાસ કર્યો છે.

સૌ પ્રથમ શ્રી રાધિકા, પાર્થ અને ચિન્મયના ગાયન–વાદનવૃંદે 'રઘુવર તૂમકો મેરી લાજ' પદ રજૂ કર્યું. આ પદના ગાન વખતે હાર્મોનિયમ પર શ્રી સંજયભાઇએ સાથ આપ્યો.

શ્રીમતી સુશીલાબેને (વામનમામાના બહેનશ્રી) શ્રી વામન-મામાને શ્રદ્ધાંજલિ અર્પતા કહ્યું કે :

- તેમનો સ્વભાવ ખૂબ પ્રેમાળ હતો, ખૂબ ઓછું બોલતા, ગણી ગણીને બોલે, આદર્શ ખૂબ ઊંચો રાખતા. મારે માટે ખૂબ પ્રેમ હતો. સૌના પર ખૂબ પ્રેમ રાખતા.
- વિચારોમાં ઉચ્ચતા હતી અને રહેણીકરણી ખૂબ સાદી



રાખતા. પૂ. મા માટે હૃદયમાં ખૂબ અહોભાવ હતો. પણ તે અહોભાવ છે તેનો ખ્યાલ આવે નહીં. પૂ. માને નમતાં, વંદતા.

- કોઇનું ખાવું કે હરામીથી ઝૂંટવી લેવાના દુર્ગુણોથી હંમેશ દૂર રહેતા. તેઓનું કોઇ કશુંક લઇ જતું હોય તો મૂંગે મોઢે સહન કરતા. તેઓ માનતા કે કડવું બોલવું તે સાચી આધ્યાત્મિકતા નથી. બહુ મોટા મોટા ગ્રંથોનો અભ્યાસ ન હતો. છતાં સદ્‌ગુણો-ના પાલનમાં ઉચ્ચ હતા. પરિવારના પ્રાણસમા હતા.
- મૃત્યુ પહેલા શરીરને કોઇ દુઃખ પડ્યું નહીં. મૃત્યુ માટે કાલાવાલા પણ નથી કર્યા. શાંતિથી દેહ છોડ્યો. સાધકો માટે પ્રેમનું ભાથું હતા. આંગણે આવે તે ભૂખ્યું ના જવું જોઇએ એ શિરસ્તો હતો. જાદુગર, માણભટ્ટ કે કલાકારને પણ આશરો આપતા.
- કોઇ ઘેર જમવા ના આવે તો કહેતા કે, 'મા સર્વેશ્વરીના પરિવારને કેમ ભૂલો છો?' કોઇ ના જમે તો તેઓને આંસુ આવતાં.
- છેલ્લા દિવસોમાં શ્રી સંજયે (ભાણેજ) સેવા કરી. કારણ કે સંજય નાનો હતો ત્યારે મામાના ખભા પર ખૂબ બેસતો. પાવાગઢની યાત્રામાં મામા થાકી જાય તો પણ સંજય તેના ખંભા પર બેસતો. આ ઋણ સંજયે છેલ્લે સેવા કરીને ચૂકવ્યું.
- અમે કોલેજમાંથી કાગળ લખતા ને પૈસા મગાવતા. ફી, મોજશોખ ને અમારી ખુશી માટે પૈસા આપ્યા છે. ક્યારેય ફરજમાંથી પીછેહઠ નથી કરી.
- ન ગમતી વાતનો મત જાહેર કરે પણ પછી વધાવે. સૌને સન્માનતા. પૂ. માને ગૃહત્યાગમાં સહયોગ ધર્યો. આવા ઉચ્ચ સદ્‌ગુણોથી વિભૂષિત શ્રી વામનમામા હતા.

ડો. હિમાંશુભાઇ પાઠકે પણ શ્રી વામનમામાને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી.

● છેલ્લે સ્વર્ગારોહણ શ્રી મામા આવેલા ત્યારે સ્નેહ યજ્ઞમાં આવવા સૌને ભાવપૂર્વક આમંત્રણ આપેલ.

● 'મામા' શબ્દમાં બે વખત મા—મા અક્ષરો આવે છે. બેયને ભેગાં કરો તો 'મામા' શબ્દ બને. બે મા જેટલું વાત્સલ્ય, પ્રેમ, લાગણી હતાં.

● મારો ઉછેર મોસાળમાં થયો છે. ભાણેજ પર ખૂબ જ હેત રાખતા. પિતા અને મા બંનેનું મિશ્રણ તેમના હૃદયમાં હતું.

● અત્યારે હું સામાજિક, આર્થિક, આધ્યાત્મિક રીતે જે કંઇ છું તે શ્રી વામનમામા અને ગંગામાસીને કારણે છું. હું મામાનો ઋણી છું. પૂ. મામા મામાની શ્રેણીમાં સર્વોત્તમ હતા. એ મામાને વંદન હો.

શ્રીમતી નયનાબેને પણ શ્રદ્ધાંજલિ અર્પતા કહ્યું કે :

● હું પરણીને આવી, મને અનુકૂળ સ્વજનો મળ્યાં. મોસાળ-માં જ પિયરની મોજ માણી. પારકું ના લાગ્યું. મોસાળમાં જ રહેવાનો આગ્રહ મામા રાખતા. અમારું ઘર ખોલવા ન દેતા, પણ મામાના ઘેર જ રહેવાનો પ્રેમાગ્રહ કરતા.

● મામાએ લાડ—પ્યાર ખૂબ આપ્યાં છે. પ્રત્યેક ઉનાળે અમારા આગમનની મામા રાહ જોતા. મામા સૂક્ષ્મ રીતે અમારી સાથે છે ને રહેશે.

● મામાનો પ્રેમ, આગ્રહ, આવકાર અદ્ભુત હતાં.

શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીને શ્રદ્ધાંજલિ આપતા શ્રી પંડિતજીએ સાધકોને આધ્યાત્મિક ખજાનાથી લાભાન્વિત કર્યા.



● શ્રી ઈશ્વરભાઇએ પૂ. માની બાવનીની રચના કરી છે. એ બાવનીનું ગાન આપણે કરીએ છીએ. 'પરમાર્થી' નામ પૂ. શ્રી યોગેશ્વરજીએ આપ્યું છે. પૂ. શ્રીના લાડકા સાધક હતા.

● શ્રી ઈશ્વરભાઇ પૂ. માને બાલ્યાવસ્થાથી ઓળખી ગયા હતા. પૂ. માને અણમોલ રતન માનતા.

● પૂ. શ્રીના પ્રથમ દર્શને જ ચોધાર આંસુએ રડી પડેલા. તેઓને લાગ્યું કે આ જ (પૂ. શ્રી) મારા ઈષ્ટદેવ, આરાધ્ય અને ગુરુ છે. 'ઓહોહો! આપ તો કબીર સાહેબના માણસ છો, ઘણું કામ કરવાનું છે.' આવું પૂ. શ્રીએ શ્રી ઈશ્વરભાઇને પ્રથમ દર્શને કહેલું.

● તેઓએ કબીર સાહિત્યનો પ્રસાર—પ્રચાર કર્યો. પૂ. શ્રીને પરમશક્તિની કૃપાથી સંત કબીરના સાચા સ્વરૂપનું વર્ણન પણ કરેલું અને તેઓની ઉપસ્થિતિનો ખ્યાલ અસાધારણ પ્રકાશદ્વારા આપેલો.

● તેઓ કવિ, ગીતકાર, સંગીતકાર, અધ્યાત્મપ્રેમી, સાધક, ગુરુભક્ત, વિદ્વાન હતા. બાળપણમાં ખૂબ જ બહાદૂર હતા. વાઘની સાથે ભેટો થવાથી વાઘ પણ નાસી ગયો હતો અને ૭—૮ જેટલા ગૂંડા માણસો પણ તેમનાથી ડરી ભાગી ગયા હતા.

● તેઓ પ્રસંગને અનુરૂપ કાવ્ય રચી શકતા. કાવ્યમાં ભાવ, છંદ, પ્રાસ બરાબર બેસાડતા.

● ખેતીવાડીના નવા નવા પ્રયોગો કરતા. દ્રાક્ષની ખેતી કરેલી. ઈઝરાયેલી ખેતી પદ્ધતિનો અભ્યાસ પણ કરેલો. ખાંડની ફેક્ટરીમાં વ્યવસ્થાપન સમિતિઓમાં પણ મોભાનું સ્થાન પામેલા.

● હરિદ્વારમાં પૂ. શ્રીની સાથે શ્રી ઈશ્વરભાઇ યાત્રાને કારણે જાય છે. પૂ. શ્રી ગંગામાં સ્નાન કરે છે ને ઈશ્વરભાઇને ધ્યાન

કરવાનું કહે છે. ધ્યાનમાં પાવાગઢ પર્વત દેખાયો. પર્વતની નીચે પ્રભુ છે. પૂ. શ્રી કહે છે કે આ પર્વત જેટલાં સંચિત કર્મોનો ઢગલો છે. અમારે શરણે તમે આવ્યા છો તો બે જન્મમાં તમારાં કર્મો ભોગવાઈ જશે. આવી અનુભૂતિ પૂ. શ્રીએ શ્રી ઈશ્વરભાઈને આપેલી.

શ્રી મોહનભાઈને શ્રદ્ધાંજલિ અર્પતા શ્રી કલ્યાણે જણાવેલું કે :

● ઉત્તરભારતની યાત્રામાં શ્રી મોહનલાલ પૂ. શ્રી અને પૂ. મા સાથે જોડાયેલા. તેઓ ખેતીવાડી ખાતાના એક મોટા અધિકારી હતા. યાત્રાનો મેપ બનાવ્યો હતો. બધા સ્થાનોમાં રહેવાની સારી વ્યવસ્થા કરતા. તેઓ વ્યવસ્થા માટે રાત—દિવસ કામ કરતા.

● તેઓ 'જિસ દેશમેં રહો, જિસ સ્થાનમેં રહો, હરિગુન ગાતે રહો'ની ધૂન પ્રેમપૂર્વક ગવરાવતા.

● મોહનલાલને શારીરિક બીમારી આવેલી. પૂ. માએ ખૂબ પ્રાર્થનાઓ કરેલી. શ્રી મોહનલાલ પથારીમાં હતા ત્યારે અમે સત્સંગ કરાવવા પૂ. માની આજ્ઞાથી આવેલા. તેઓ મનથી ખૂબ સ્વસ્થ હતા. મોહનલાલ આનંદલોકની યાત્રા કરી રહ્યા છે તેનું વર્ણન પૂ. માએ કરેલું. મૃત્યુ પછીનું જીવન પણ પૂ. મા રક્ષી રહ્યાં છે.

શ્રીમતી જ્યોત્સનાબેન ત્રિવેદીએ ભાવભરી અંજલિ અર્પતા કહ્યું કે :

● શ્રી મોહનલાલનો રમૂજી સ્વભાવ હતો. તેમને પગને તકલીફ હતી. કાનટોપી પહેરી હતી. કેમ છો પૂછે તો કહે કે 'કાનવાળુ (કાન) તો સારું છે. પણ પગે તકલીફ છે.' શારીરિક વેદનાઓમાં પણ પૂ. માનું સતત સ્મરણ કરતા.

● તેઓનું ચારિત્ર્ય શુદ્ધ હતું. પ્રસન્ન દામ્પત્યજીવન હતું. ભક્તિ એ જીવનનું લક્ષ્ય હતું. જીવનમાં રસ પણ ખૂબ હતો. પૂ.



માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા.

મા—પ્રભુના પ્રેમ રંગે રંગાયેલી આ વ્યક્તિઓ ભલે જુદા જુદા સમયે ભૌતિક શરીર છોડીને ગઈ, પણ પૂ. માની ઉપસ્થિતિમાં અહીં અપાયેલી ભાવાંજલિ આ ત્રણે મહાનુભાવોને મુક્તિપ્રદ બની રહેશે.

○

**આત્મકલ્યાણના ત્રણ સાધન**

૧. સર્વ પ્રાણીઓ પર દયા. ૨. સર્વ ઈન્દ્રિયોનો નિગ્રહ. ૩. સર્વ વસ્તુઓમાં અનિત્ય બુદ્ધિ.

**— યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ—૩૬૦૦૦૨**

# સ્નેહયજ્ઞ—અપૂર્વપર્વ

યોગેશ પંડ્યા, મુંબઇ

"મા સર્વેશ્વરી સંનિધિપર્વ—સ્નેહયજ્ઞ" આટલું વાંચતાં જ જાણે કે તીર્થશ્રેષ્ઠ યાત્રા કરી હોય એવો સંતોષ હૃદયમાં સ્થિર થઇ જાય છે. પૂ. માની કૃપાથી તીર્થશ્રેષ્ઠ કર્પૂરવનમાં આનંદનાં અમૃત સરોવરમાં ગળાડૂબ થવા પહોંચી જવાય છે. આ સંનિધિપર્વ જાણે કે પરમચેતનાનું પર્વ બની રહ્યું. આ સ્નેહયજ્ઞ આત્માને સ્નેહલેપ ધરનારું બની રહ્યું. સતત, અવિરત અને અહર્નિશ પૂ. માની સૂક્ષ્મ અને સ્થૂળ સંનિધિ મહાઆનંદના પર્વનો પાવન અવસર બની ગયો. કોઇ જ પ્રકારના ધ્યાન—સાધના, જપ કે તપ વગર સહજ જ પૂ. માના સ્નેહ—સલીલમાં મુક્તિનો અનુભવ થયો.

પોતાના ઈષ્ટ પરમમાતાની પ્રસન્નતા એ જ સર્વોત્તમ સાધના છે. જેણે જેણે પોતાની કલા—કસબદ્વારા આપણાં પૂ. માના હૃદયે પ્રસન્નતા પ્રસ્થાપિત કરી તે સૌને વંદન.

પ્રથમ તો જેણે આ સ્નેહયજ્ઞરૂપી સરિતામાં સ્નાન કરવાનો અમુલખ લ્હાવો ધર્યો તે શ્રી રમેશભાઇ, શારદાબેન તથા જગદીપભાઇ—નયનાબેન તથા સૌ સ્વજનોનું ૠણ માથે ચઢાવીએ કે જેમણે પોતાનું આર્થિક ધન અને પૂ. મા રૂપી આધ્યાત્મિક ધનને સૌ માટે ખુલ્લું મૂકી દીધું. પરમ કૃપાળુ પૂ. મા—પ્રભુના આશીર્વાદ સદાય આ સ્નેહી પરિવાર પર વરસતા રહે તેવી સૌની જ અભ્યર્થના છે.

સાચે જ કપૂરાની આ પાવન ધરા ધન્ય જ છે. કર્પૂરની



સુગંધથી મધમધતી આ કર્પૂરવનની વસુંધરા પર પૂ. મા રૂપી રત્ન પ્રગટ્યું છે જયાં જડ—ચેતન સર્વ કોઇ પૂ. માના શૈશવ ક્રીડાસ્થલીના સાક્ષી છે. સાચે જ સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માએ પણ પોતાના વિશેષ સ્નેહથી જ આ કર્પૂરવનનું નિર્માણ કર્યું હોવું જોઇએ, કારણ કે સર્વ રીતની વિશેષતાઓથી ભરેલું આ સ્થળ છે. અહીં આવી જ વિશેષતાથી સૌ કોઇ ભક્ત—સાધકનું ચંદન—તિલક તથા પવિત્ર ગૌમુખી—માળા સાથે આવકાર પામી આતિથ્યસત્કાર પામે છે. અને સ્નેહયજ્ઞની જ્યાં ધૂણી ધખવાની છે તે સ્થાને લઇ જવાય છે. અને તે દિવસે જે કોઇ પણ અંદર સ્નેહયજ્ઞની સમિધ પર ગયા તે જાણે કે છ દિવસ પછી જ સંસારમાં પાછા આવ્યા. 'સ્નેહયજ્ઞ' હતો તો છ દિવસનો પણ વીત્યો જાણે કે છ કલાકમાં—છ મિનિટમાં કે છ સેકન્ડમાં. પળ—વિપળ કે તારીખ—તિથિ—વાર કે ગ્રહ—ગોચર સઘળુંય ભૂલી જવાયું જાણે કે પ્રભુના પાગલ એવા પ્રેમીના સંગે અંગેઅંગમાં મુક્તિનો મહાપ્રસાદ વગર સાધનાએ જ પ્રાપ્ત થયો. આવો પવિત્ર અનુભવ તો પૂ. માની સંનિધિ જ ધરી શકે ને!

ભગવાન કૃષ્ણની સદેહે રાસલીલા તો ફક્ત ભક્ત શ્રી નરસિંહ મહેતાએ જ નિહાળી પણ અહીં તો શ્વેતવસ્રધારી પૂ. માની આ મહારાસલીલાને તો કર્પૂરવનમાં આવેલ સર્વકોઇએ નિહાળી, જાણી અને માણી પણ ખરી. આ ધવલસ્વરૂપ પૂ. માએ સાધકગણ પર જાણે કે કામણ કર્યું છે. મૌન મુરલીની મધુર ધૂન વગાડી જીવનમાં અમર અને સચોટ સંદેશ ધરી રહ્યાં છે. નમ્રતાના ગુણને આત્મસાત્ કરનાર પૂ. મા કહે છે કે—'હંમેશા નમો ને વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરો.' પૂ. મા સ્વયં તો પરમપદ પર આરૂઢ છે પણ મા ભગવતી અહીં કર્પૂરવનના

જે સ્વજનો મોટા છે—વડીલ છે તેમને સ્વયં સન્માની સ્ટેજ પર પ્રણામ કરે છે અને સ્નેહયજ્ઞ પ્રારંભ પામે છે. જાણે કે પ્રથમ સ્નેહયજ્ઞની પ્રથમ આહુતિ અપાઈ અને તેનું માધુર્ય પ્રગટી અખંડ સુવાસ આ ધરાને ધરતું ગયું.

બાળકોની સર્વ પ્રકારની પ્રગતિ માટે સતત ચિંતિત એવા પૂ. માએ આ શરીરરૂપી રથ પણ સારી રીતે ચાલે તેનાં માર્ગ-દર્શન માટે ડો. હિમાંશુ પાઠક તથા શ્રી નાથુભાઈ ભક્તને આમંત્રિત કર્યાં છે. જેમણે યોગ તથા નેચરોપેથી વિશે સુંદર માર્ગદર્શન અને માહિતીના રસથાળ પીરસ્યા. મેંદાને સદંતર તિલાંજલી આપવાની વાતને અગ્રેસર લેખાવી. પૂ. માએ પણ આ વાતને વધાવી અને વારંવાર સર્વસાધકોને યાદ કરાવે કે, ‘મેંદો યાદ છે ને?’ મેંદો જેમ મેદ વધારી કાયાને બગાડે છે તેમ આપણાં અનેક જન્મના કુકર્મરૂપી મેંદાને પણ છોડવાનો છે. અનેક જન્મોના આ મેંદારૂપી કર્મને શાંત કરી નવા કર્મને બાંધવાના નથી એવા સંદેશારૂપે આહુતિ પૂ. માએ આ સ્નેહ-યજ્ઞને અર્પી છે, કે જેની અગ્નિમાં જન્મોના કર્મબંધનમાંથી મુક્તિ મેળવવાની પ્રેરણા ધરી.

અહીં સ્નેહયજ્ઞમાં સ્ટેજ પર આવી જે કોઈ પોતાની કલા-રૂપી આહુતિ ધરે છે તે પૂ. મા—પ્રભુ સહજ સ્વીકારે છે. કુમારી મીનળબેન મેરાઈ સતત એક કલાકના નૃત્યવંદના દ્વારા અર્ઘ્ય ધરે છે, તથા પૂ. માની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. અહીં જેણે પણ પોતાની કલા—વાણી કે કસબ પ્રગટ કર્યા છે તે પરમાત્માની પૂજા બની રહ્યા છે—કારણ પ્રગટબ્રહ્મની સામે ધરેલ સર્વ આહુતિનો અહીં સ્વીકાર થાય છે.

કર્પૂરવનની પ્રાતઃની મંગળ પ્રભાતવંદના પણ કેવી પવિત્ર



અને પ્રેરણાદાયી હોય છે! મંગલ જીવનની સહજ સફરની સ્મરણ કરાવતી વંદના છે. બધું જ છોડી દેવાનું, પાછળ રાખી દેવાનું, ક્યાંય રોકાવાનું કે અટકવાનું નહીં—માત્ર જ્યાં જે પામવાનું છે તે માટે જ આગેકૂચ કરવાની રસ્તામાં ઠંડી હોવાથી તાપણી કરતાં લોકો પણ જોવા મળે, પણ આપણે તો આપણી અંદરના કસાઈને, દુર્ગુણોને, રાગ દ્વેષને બાળીને એનું જ તાપણું કરી આગેકૂચ કરવાની છે. આ સમસ્ત જીવનને જ સ્નેહયજ્ઞમાં રૂપાંતરિત કરી દેવાનો છે. આ સ્નેહલેપની છાયાથી જીવનને કૃતાર્થ કરી દેવાનું છે.

સંનિધિપર્વનું આગલું નઝરાણું હતું. આમંત્રિત મહેમાનોનો આદરપૂર્વક પ્રેમથી સત્કાર. ઘરઆંગણે પધારેલ મહેમાનોનો યથાયોગ્ય સત્કાર કરવાની પૂ. માની સૂઝ તથા મહેમાનોને નવાજવાની અદ્‌ભુત ઝલકો નિહાળવા મળી. ડો. લક્ષ્મેશભાઈ જોષી, શ્રી ધાર્મિકલાલ પંડ્યા તથા શ્રી આસિતભાઈ દેસાઈ, શ્રી હેમાબેન દેસાઈ અને શ્રી આલાપ દેસાઈનું જાણે કે અહીં આવવું સાર્થક જણાયું. આ જ અનુભવ દરેકને થયો. પછી શ્રી નિલેશબાપુ હોય કે શ્રી દવેબાપુ હોય. તેઓના માટે અલગ આસનવ્યવસ્થાની સાથે પુષ્પગુચ્છ પણ આપવો જ. આવો આદરણીય સદ્‌વ્યવહાર પૂ. માનો અહીં જોવા મળે જ. સૌ અહીં પરમસ્નેહનો મધુરો પ્રસાદ પામે જ છે.

અહીં ડો. લક્ષ્મેશભાઈ જોષી કે જેઓ સંસ્કૃતના વિદ્વાન છે. તેમણે અહીં ઋગ્વેદમાં જે રીતે માતાનું વર્ણન કરવામાં આવ્યું છે, તેની સુંદર રજૂઆત કરી સાથે સાથે નોંધ્યું કે અહીંના બાળકોમાં સ્વયંશિસ્ત છે તે ખરેખર જ નોંધનીય બાબત છે.

સંનિધિપર્વ—સ્નેહયજ્ઞમાં એક પછી એક યજ્ઞકાર્ય થઈ રહ્યાં

છે તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમોને પણ આગવું ને અનોખું સ્થાન છે. પૂ. મા આમ પણ કહે છે નિર્દોષ આનંદ જ્યાંથી પણ મળે ત્યાંથી મેળવવો અને અહીં તો આખેઆખું જ સાંસ્કૃતિકપર્વ જ ઉજવાઇ ગયું. અહીં છેક મુંબઇથી શ્રી આસિતભાઇ દેસાઇ, શ્રીમતી હેમાબેન દેસાઇ તથા તેમના સુપુત્ર આલાપ દેસાઇ આમંત્રિત થયાં છે. અહીં આલાપભાઇના હસ્તે જ પૂ. મા ''પૂજાના ફૂલ'' નામે કેસેટનું વિમોચન કરાવે છે. આ પછી અહીં પધારેલ સર્વ કોઇને શ્રી આસિતભાઇ, શ્રી હેમાબેન તથા શ્રી આલાપભાઇના સુરીલા કંઠની લ્હાણી મળે છે. સર્વ કોઇ સુરસંગમની લહેજતની સંગત માણે છે. આલાપભાઇના તબલા-ના તાલ અને દેસાઇ પરિવારના કોકિલકંઠ સૂરોની સૂરાવલીથી અહીં સંનિધિપર્વની ભૂમિ ગોકુળગામમાં પલટાય છે. પૂ. માની અનુમતિથી સૌ ગોપબાળ બની મંડપમાં ગરબે ઘૂમે છે.

સંનિધિપર્વમાં જે કોઇ આવ્યું—સાધક, બાળક, ભક્ત કે આમંત્રિત મહેમાન તેઓ બધા જ આ સ્નેહયજ્ઞના એક અંગ જ બની ગયા. સૌ અહીં પોતાનામાં ખોવાઇ ગયા. આ જ આ સ્નેહયજ્ઞની વિશેષતા છે. પૂ. મા—પ્રભુની આવી અખંડ સતત સંનિધિ ક્યારે મળવાની? તેવા વિચારમાત્રથી જ સૌ કોઇ ધન્ય થઇ ગયા. પૂ. મા—પ્રભુનાં સતત દર્શન અને સંનિધિનો અનુપમ લ્હાવો પામી સર્વ કોઇ ધન્યતા અનુભવી રહ્યા.

આજ પર્વમાં અહીંના આદિવાસી બાળકોના પણ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો પણ થયા જેમાં રાસગરબા તથા દેશભક્તિ-ના પદોનો સમાવેશ થાય છે. આ આદિવાસી બાળકોનો પૂ. મા—પ્રભુ સાથે સંબંધ જાણે કે રાજા રામ અને ગુહરાજાનો સંબંધ હોય એમ જ લાગે. સમાજ જેમને નિમ્નકક્ષાએ ગણે છે તેવા



આ આદિવાસી જનસમાજને એક આગવું સ્થાન આ મંગલ પ્રસંગે આપી પૂ. માએ એક ઉદ્દાત ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાથે સાથે તેઓનાં વાદ્યવૃંદને પણ નાવાજ્યું. તેમાં શરણાઇના સૂર એવા તો રેલાયા કે, જાણે કે આ પર્વ શિવ અને જીવના લગ્નના માંડવામાં પલટાયો. શિવ સાથે અગ્નિસાક્ષીએ સપ્તપદી પઢાવાની હોય એટલા જ રોમાંચસહ આ સ્નેહયજ્ઞ સાચે જ શિવ સાથે મંગલ મિલન ધરનારો બની રહ્યો.

આ પર્વ જેમ જેમ આગળ ધપતું રહ્યું તેમ તેમ વધુ ને વધુ રોચક તથા સમાધિવસ્થાની અનુભૂતિ ધરનારો બની રહ્યો એમ કહેવું જરાય અતિશયોક્તિભર્યું ન લેખી શકાય કારણ કે આ પર્વને મોરપિચ્છ ધરનાર પ્રસંગ અહીં બન્યો છે. તેનો પ્રથમ યશ પ્રભુને તથા પછી પ્રો. શ્રીમતી તરલાબેન દેસાઇને આપી શકાય, કારણ પૂ. માના સ્વહસ્તે લેખન પામેલી પોતાની શૈશવકથા ''પોયણું પાંગર્યું''ના પુસ્તકનું અહીં વિમોચન થયું છે. દરેક ભક્તોને આ પુસ્તકરૂપી મહાપ્રસાદ પ્રાપ્ત થયો. જાણે ગંગાજળનું આચમન કરી સ્નાન કર્યું હોય તેટલો જ પૂર્ણ આંતરિક સંતોષ ધરનારી આ સુંદર ઘટના બની રહી. સ્નેહ-યજ્ઞરૂપી ગંગાના પટને આજસુધી સૌએ નિહાળ્યો, માણ્યો પણ પાવનકારી પુસ્તકે સૌને ગૌમુખના દર્શન કર્યા હોય એવો સંતોષ ધરી દીધો. પૂ. મા વિશે કંઇક છાપવાની સતત વિન-વણી તથા તરલાબેનના પ્રેમાગ્રહ અને પ્રભુની કૃપાથી જ આ શૈશવકથારૂપી ભાગીરથી સૌ કોઇના ઘરે પુસ્તકરૂપે પધારી છે. જાણે પૂ. મા બાળસ્વરૂપે આપણાં ઘરે પધાર્યાં છે. જાણે કે પૂ. મા કાનાનો નવો અવતાર ધરી શ્રીમદ્ ભાગવતના દસમાં સ્કંધના નૂતનરૂપે પધાર્યાં છે.

જેમ જાદુગર પોતાની જાદુઇ છડીમાં એક પછી એક અજાયબ વસ્તુઓ કાઢે તેમ જ પૂ. મા પણ અહીં પવિત્રભૂમિ કર્પૂરવનમાં જે સંનિધિપર્વ ઉજવાઇ રહ્યું છે અને જે પૂર્ણ મધ્યાહ્નમાં છે તેમાં નિતનવી અજાયબી ધરી રહ્યાં છે. આવો જ બીજો પ્રસંગ તે શ્રી ધાર્મિકલાલ પંડ્યાનું માણ પર આખ્યાનનો છે. આવા મોટા સિદ્ધહસ્ત આખ્યાનકારના સ્વમુખે ધાર્મિક પ્રસંગોને સાંભળવાનો લ્હાવો સૌને મળ્યો. જેમાં શ્રી ધાર્મિક-લાલે 'કુંવરબાઇનું મામેરુ'ના પ્રસંગને અતિરોચક રીતે વર્ણવ્યો. જેમાં ભક્ત શિરોમણિ નરસિંહ મહેતાની ભક્તિ અને તેમના શામળિયા શેઠની વાતો સાંભળવા મળી. આ સાંભળી શ્રી હેમાબેન દેસાઇના મુખે સ્વરાંકિત થયેલું'હરિને ભજતા હજી કોઇની લાજ જતા નથી સાંભળી રે....' પદ યાદ આવી જાય. આ પ્રસંગ આપણા માટે પણ એટલો જ સાચો છે. પૂ. માએ પણ અનેકવાર શામળિયા શેઠનું રૂપ ધારણ કરી આપણાં કેટલાય કાર્યો પાર પાડ્યા છે. ભક્તોના દરેક પ્રસંગોને સાચવ્યા છે. પોકારતાં પહેલા જ બાળકો પાસે પહોંચી જાય છે. જાણે શ્યામ અને પૂ. મા એક જ છે. એકે પિતાંબર પહેર્યું છે તો અહીં પૂ. માએ શ્વેત સાડી ધારણ કરી છે. શ્યામે વાંસળીના સૂર રેલાવ્યા છે તો માએ મૌનના સૂર રેલાવ્યાં છે. પણ કરુણા ને ક્ષમા તો અમાપ છે. ક્યાંય પણ બાળકની પાત્રતાની શરત પૂ. માએ મૂકી જ નથી. તમે એમની સન્મુખ થઇ ગયા તે જ તમારી પાત્રતા. આવા પરમસ્નેહી—પરમ કૃપાળુ—પરદુઃખ-ભંજન પરમેશ્વરી પૂ. માની સંનિધિમાં નરસિંહની ભક્તિ માણતા, પૂ. માના પાદપ્રક્ષાલન કરતા માણભટ્ટનો પ્રસંગ પૂરો થાય છે, પણ અંતરમાં તો કાયમ માટે જડાઇ જ ગયો છે. જેમ



શામળિયો નરસિંહ માટે કંઇ પણ કરે છે તેમ પૂ. મા પણ પોતાના બાળકો માટે કોઇ પણ રૂપે પહોંચી સહાય કરે જ છે. બસ એના જ શરણે જઇએ, એને જ સોંપી દઇએ, એના જ ગુણાનુવાદમાં વહી જઇએ તો બધી જ ચિંતાના મેરુને ક્ષણ-વારમાં જ ઉપાડી લઇ હલકો કરી દે છે.

આ સંનિધિપર્વનું બીજું આકર્ષણ તે 'કૃપાળુધામ'ના બાળકો છે. જેમણે દરેક દિવસે અવનવા પ્રસંગો લઇને નાટકરૂપે આપણને પીરસ્યું છે. પરદેશમાં પૂ. મા જે કાર્ય કરી રહ્યાં છે તેના આ બાળકો દસ્તાવેજ બન્યા છે. કેટલી સરસ ધીર—ગંભીર સાધનાથી સંપન્ન—મર્મવાળા નાના પ્રસંગોને આગવી કુનેહથી આ લોસ એન્જલસના છ બાળકોએ સ્ટેજ ઉપર પ્રગટ કર્યા છે. આમાંથી કોઇ પણ બાળકોને ગુજરાતી ભાષાની જાણ નથી. અંગ્રેજીમાં ગુજરાતી લખીને બોલે છે. છતાંય ભાષાશુદ્ધિ ઘણી જ સરસ અને વાક્યોમાં કોઇ અસંગતતા નહીં, તે સૌ બાળકો અભિનંદનના અધિકારી છે. જેઓ વિદેશમાં રહી ભારતની સંસ્કૃતિ અને માના સંસ્કારોનું પ્રતિ-નિધિત્વ કરી રહ્યાં છે.

આખોય સ્નેહયજ્ઞ અવનવી ઘટનાઓની વિવિધતાથી, અણમોલ પ્રસંગોથી કલ્પવૃક્ષ સમાન બની રહ્યો. પૂ. મા રૂપી કલ્પવૃક્ષના શીતળ છાંયડામાં સૌ સંતપ્ત થયા. સમગ્ર સ્નેહ-યજ્ઞમાં પૂ. માએ પરિમલ પ્રસરાવીને બાળકોમાં સુમનની સુધા પ્રસરાવી છે. એક અખંડ એવી દિવડાની જ્યોત પ્રજ્વલિત થઇ છે કે જેમાં સૌ કોઇ તે જ્યોતમાંથી પોતાની આત્મજ્યોતિ વધારે પ્રજ્વલિત કરી કાળાશને વિદાય કરે તેવા પ્રકાશને અંતરમાં ભરી લે છે. ઉર્ધ્વગમન કરનારને મહાતીર્થ કર્પૂરવન ગમી જ

ગયું હોય ને! પૂ. માની કૃપાથી સૌ કોઇએ પોતાની શક્તિ કરતાંય વધારે યજ્ઞફળનું આચમન કર્યું છે.

આ સંનિધિપર્વ કોઇ સામાન્ય પર્વ નહીં પણ એક યુગપર્વ જ બની રહ્યું. પૂ. મા તો કેટલાય જન્મોથી આવા સંનિધિપર્વ, સ્નેહયજ્ઞ કરી જ રહ્યાં છે. સ્નેહયજ્ઞની એવી અપ્રતિમ સુવાસ ફેલાઇ છે કે જડચેતન સૌ કોઇ ઝંકૃત થઇ ગયું છે. જાણે પારસમણી સમા પૂ. મા સાથે સંનિધ થતાં કથીર કંચનમાં પરિણમ્યું છે. પૂ. મા પણ છેલ્લે નયનાબેનના પ્રશ્નમાં જે જવાબ આપે છે તે પણ કેવો અત્યંત માર્મિક છે! પૂ. મા કહે છે કે, 'અમારું તો જન્મોથી આ જ કામ છે. જે તેડે તેનું કામ અમે કરીએ.' પૂ. માએ આ વાતથી જાણે કે સૌને અભયવચન આપી દીધું છે કે જીવનમાં જ્યારે પણ તેડશો તો આ મા જરૂરથી દોડી આવશે. આમેય પૂ. માને સમય–સ્થળના બંધનો નડતાં જ નથી તેનો તો આપણને સૌને અનુભવ છે જ.

'સ્નેહયજ્ઞ' પરિસમાપ્તિની અણી પર છે પણ સૂક્ષ્મ સ્નેહયજ્ઞ તો અવિરત ચાલવાનો જ છે. સ્નેહયજ્ઞના સ્નેહલેપને પ્રત્યેક સાધકે પોતાના જીવનમાં પાથરવાનો છે. અનેક ગ્રંથિઓ, અનેક પાપો, કટુતા, રાગ–દ્વેષને આ સ્નેહલેપથી નેસ્તનાબૂદ કરી પૂ. માનું મધુમય સ્વરૂપ યાદ રાખી મધુરતાને પ્રસરાવવાની છે. જ્યાં મધુરતા અનુભવાય છે, સરળતા જણાય છે, સહજતા છે, ચેતનાનું પર્વ છે, સર-ળતા જણાય છે, સહજતા છે, ચેતનાનું પર્વ છે, જ્યાં આત્માને સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે ત્યાં નક્કી જાણજો કે પૂ. માનું સંનિધિપર્વ ચાલી રહ્યું છે. આ પાવનને પાવક પ્રગટ જ્યોત સાથે જ્યોત મિલાવી પ્રકાશ પ્રસરાવી પાવન પરમેશ્વરની પ્રાપ્તિ કરીએ એ જ આ સ્નેહ-યજ્ઞની ફલશ્રુતિ છે.



# સ્નેહયજ્ઞનો પ્રતિભાવ

પાગલ બાળ

**સર્વ ઐશ્વર્યથી શોભતા વ્હાલા મા!**
**પાવન ચરણકમળમાં સપ્રેમ પ્રણામ.**

મા સર્વેશ્વરી સંનિધિ પર્વ સ્નેહયજ્ઞથી કર્પૂરવન ધન્ય બન્યું. પૂ. માનું (સૃષ્ટિનાં સર્જનહારનું) સ્વાગત, વંદના. શોભાયાત્રા અને આરતીનું ભવ્ય દર્શન કરવા માટે પૃથ્વીપરનાં પુનિત જીવો તેમ જ સૂક્ષ્મરૂપે દેવ, દેવીઓ, યક્ષ, કિન્નરો, ઋષિમુનિ-ઓ, સંતો, ભક્તો અને પૂર્વાશ્રમના વડીલો પણ આવ્યા હશે! સ્નેહયજ્ઞનાં આયોજનથી સૌ પ્રસન્નતા અનુભવતા હશે. પ્રેમથી સૌ મા સર્વેશ્વરીના આ સ્નેહયજ્ઞને બિરદાવતા હશે. ધન્યતા અનુભવતા હશે!

હે મા ભગવતી! એકાંત મૌનમાં લખાયેલું પદ પ્રત્યક્ષ જોવા મળ્યું. કર્પૂરવનના સર્વ સ્નેહીજનો (કાલીમંદિરના) નાના કે મોટાને જાણે પ્રભુએ વૈકુંઠલોકમાંથી મોકલી અનુકૂળતાનો થાળ ધર્યો. ચારે દિશાથી હે ભવાની! સર્વપ્રકારે તમોને સંભાળે છે. હે સુગંધિત પ્રેમ પુષ્પ! તમારા દૈવીદર્શન કરીને તમારા ઐશ્વર્ય-નું રસપાન કરીને અરે! તમારી પ્રેમવર્ષાથી ભીંજાઇને સૌ નરનારી નાનાંમોટાં તમારા પાવન ચરણકમળમાં (પંડિત હોય કે પ્રોફેસર, ડોક્ટર હોય કે લોયર હોય) બાળક બની પ્રણામ કર્યાવિના નથી રહી શકતા. સ્નેહયજ્ઞમાં જાણે એવું લાગે કે સદેહે મા! ભગવતી સાથે પરમધામમાં છીએ. હે પ્રેમના સાકાર સ્વરૂપ! તારા પ્રેમના રસપાને તું સૌને તારા બનાવી દે છે.

સ્નેહયજ્ઞમાં મા! તમે સૌને ગમે, સૌના હિત માટે હોય તેવા કાર્યક્રમનું આયોજન કર્યું. માનવશરીર પ્રભુની મહત્ત્વની આપેલી ભેટ છે તો, એની સંભાળ, એને તંદુરસ્ત કેમ રાખવું તેને માટે યોગ વિશેનો વાર્તાલાપ, આસનો, પ્રાણાયામ, કુદ-રતી સાત્ત્વિક ખોરાક વગેરે સમજ આપતા સરસ કાર્યક્રમો રાખ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ દેશભક્તિના કાવ્યો, પ્રાર્થના, ભજન, દેવોની વંદના, રાસ, ગરબાની રમઝટ સર્વે સૌને જકડી રાખતાં હતાં, કારણ સંનિધિ મા યોગેશ્વરીની હતી.

સર્વ કલાકારોને પણ તમે ખૂબ પ્રેમથી આવકાર્યા, સત્કાર્યા અને બીરદાવ્યા. સૌને માટે (કલાકારો તેમ જ કાર્યક્રમમાં ભાગ લેનારા બાળકો) વરસતી પ્રેમની વર્ષા જોઇ મન ભાવવિભોર બની ગયું. કર્પૂરવનની ધરતીનાં કણેકણ મા મા! પોકારતાં ધરતી પાવન બની. ભગવાન અને ભક્તોથી કર્પૂરવન સુગંધીત બન્યું. સૌના હિત માટે જે હતું તે મા! તમે સૌને પીરસ્યું. આ સ્નેહયજ્ઞના એક બહાના હેઠળ સૌ બાળકો તમારી સંનિધિનું અણમોલ સુખ માણી શક્યાં. આ તો મા! અમારા સુવર્ણ દિવસો કહેવાય. આટલા દિવસો જ અમે સાચું જીવન જીવ્યા. પૂ. મા માટેના પરિવારના સૌ સભ્યોનો પૂજ્યભાવ, પ્રેમ, અને સમજ જોઇને મા! હૈયું ગદગદિત થઇ ગયું. અહીં પિતા કાલીદાસ અને માતા ભીખીબા હોત તો મંગલમૂર્તિરૂપ નાની સરોજની મહાનતા (ભગવતી સ્વરૂપને) જોઇને તેઓના ઉરમાં આનંદ ન સમાત.

પ્રેમથી નમતા પાગલબાળના પ્રણામ.



# સ્નેહયજ્ઞના પરોક્ષ સહભાગી શ્રી નટુભાઇ ભક્ત

**નટુભાઇ વલ્લભભાઇ ભક્ત, યુ.એસ.એ.**

અમારાં ગામ—કપૂરામાં સ્નેહયજ્ઞનું આયોજન થયું છે તે આનંદ, ઉત્સાહ ને સદ્ભાગ્યનો પ્રસંગ છે. પૂ. મા સહિત તમામ સાધકોનું સ્વાગત કરતાં પ્રેમભાવથી આનંદિત થઇએ છીએ. આ સંનિધિપર્વપર રૂબરૂ સપરિવાર હાજર રહેવાની તીવ્ર ઇચ્છા હતી પરંતુ હાજર ન રહી શકવા બદલ દુઃખ અનુભવું છું.

પૂ. મા આધ્યાત્મિક જગતમાં ખૂબ જ ઉચ્ચ પદે આરૂઢ થયાં છે. પૂ. માના તપોમય, વ્રતનિષ્ઠ જીવનથી પ્રેમનો પ્રકાશ ને જ્ઞાનનાં રવિકિરણો પ્રાપ્ત થઇ રહ્યાં છે. તેમનું જીવન—કવન આદર્શ ને પ્રેરણાદાયી છે. તેમનો માતૃપ્રેમ અને વાત્સલ્યમયી અમૃતવાણીથી ગુજરાત, ભારત અને વિદેશોમાં ગૃહસ્થીઓ આધ્યાત્મિક પ્રકાશ પામ્યા છે. તેમના આશીર્વાદથી કપૂરા ગામનો દરેક રીતે વિકાસ થાઓ. બધાં કલ્મશો—ક્લેશો ને અજ્ઞાનનાં અંધારા દૂર થાઓ. અને સૌના દિલ—દિમાગમાં પરમ ભગવદીય ભાવ પ્રકટો જેથી તેજસ્વી સમાજનું નિર્માણ થાય.

માનનીય કન્વીરર શ્રી રમેશભાઇ, અ. સૌ. શારદાબેન, ચિ. જગદીપ—ચિ. નયના, સુશીલાબેન, શ્રી ભાસ્કરભાઇ, ગામના તમામ ભાઇબહેનોને અમારાં સપ્રેમ રામકબીર. શ્રી ગંગાબેન પણ કેમ ભૂલાય? આપ સૌના સહકારથી આ પર્વ સફળતાને વરશે અને પ્રેમનો માહોલ બનશે.

‘શ્રી નટુભાઇ ભલે ન આવી શક્યા, પરંતુ પૂ. માના

સંનિધિપર્વનો ભાગ લેવા આવતા વિશિષ્ટ મહેમાનોના ઉતારા માટે પોતાનો આખો સુંદર આવાસ ખુલ્લો મૂકી દીધો. સાથે એ પણ ધ્યાન રાખ્યું કે ત્યાં ઉતરેલ કોઇ વ્યક્તિને કોઇ પણ પ્રકારની તકલીફ ન પડે, આવા ઉદાર સહયોગ બદલ—ત્યાં ઉતરેલા સર્વ ભાઈબહેનો ખૂબ સંતોષ લઇને ગયાં. શ્રી નટુભાઇ અને તેમની સરસ ભાવનાને સૌએ અભિનંદી. શ્રી નટુભાઈએ ખરે જ દૂર હોવા છતાં, સરસ સહયોગ ધરી કપૂરા ગામની મહેમાનગતીને દીપાવી. ખૂબ ખૂબ અભિનંદન શ્રી નટુભાઇને.'

— તંત્રી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# પાલનપુરમાં દેશભક્તિના ગીતોની સ્પર્ધા

**રાજુભાઇ જાની**

પ. પૂ. શ્રી મા સર્વેશ્વરી સંનિધિપર્વનો પ્રારંભ ગત વર્ષે રાજકોટમાં આયોજિત કાર્યક્રમોથી કરવામાં આવ્યો હતો. જે પૈકી પ્રજાસત્તાક દિન પર્વ નિમિત્તે તા. ૨૬ જાન્યુઆરી—૨૦૦૪ ના દિને દેશભક્તિનાં ગીતોની સ્પર્ધા 'હિમાલય અમારો' શીર્ષક હેઠળ રાજકોટની ૨૪ શાળાના બાળકો વચ્ચે યોજાઇ હતી. સંનિધિ પર્વની પૂર્ણાહુતિ પણ 'હિમાલય અમારો'-ના પાલનપુર મુકામે આયોજિત કાર્યક્રમથી થઇ.

પાલનપુર તેમ જ ડીસાની શાળાના બાળકો માટે આયોજિત આ સ્પર્ધામાં કુલ ૧૨ શાળાના અંદાજીત ૨૦૦ બાળકોએ ભાગ લીધો. પાલનપુરના શ્રી કાનુભાઇ મહેતા સાંસ્કૃતિક હોલમાં પૂ. શ્રી મા સાંજે ૭.૧૫ કલાકે પધારતા જ સ્કાઉટના ૬ બાળકોએ સલામી આપી તેમનું સ્વાગત કર્યું તે પછી આ બાળકો જ પૂ. શ્રી માને સ્ટેજ સુધી દોરી ગયા. પૂ. શ્રી મા પધારતાં જ લગભગ ૭૦૦ પ્રેક્ષકોથી ઉભરાતા ઓડિટેરિયમમાં સૌએ ઊભા થઇ અભિવાદન કર્યું. ભરતનાટ્યમના નૃત્ય સાથેની પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. શ્રી માનું અભિવાદન કાર્યક્રમમાં ભાગ લેતી બાળાઓ દ્વારા પુષ્પો અર્પણ કરી કરાયું.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ જેના ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું તેના સેવક ટ્રસ્ટીએ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓથી ઉપસ્થિત જનસમુદાયને માહિતગાર કર્યાં. સાથે સાથે અન્ય ટ્રસ્ટીઓએ પુષ્પગુચ્છ અર્પણ કરી આમંત્રિત મહે-

માનોનું અભિવાદન કર્યું. પૂ. શ્રી મા સર્વેશ્વરીના વરદ્‌હસ્તે દીપ પ્રાગટ્ય થતાં જ અભિનય સાથે દેશભક્તિના ગીતોની સ્પર્ધાનો પ્રારંભ શ્રી સંસ્કાર વિદ્યાલય પાલનપુરના બાળકો દ્વારા કરવામાં આવ્યો જેમણે 'મા તુઝે સલામ'ના ગીત અભિનય દ્વારા સમગ્ર પ્રેક્ષક સમુદાયમાં દેશભક્તિની ભાવનાનો એક અનેરો માહોલ ઊભો કરી દીધો. ત્રણેક કૃતિઓની રજૂઆત પછી પ્રા. તરલાબેન દેસાઈએ પૂ. શ્રી માના આધ્યાત્મિક પરિચયથી સૌને વિદિત કર્યાં.

પૂ. શ્રી માના વરદહસ્તે દરેક ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કરવા જ તેમની કૃતિ પૂર્ણ થતાં જ સૌને પ્રસાદ સાથે ભેટ પણ અપાઈ. શ્રી સર્વેશ્વરી સંનિધિપર્વ—દેશભક્તિના ગીતોની સ્પર્ધાના સ્મૃતિચિહ્ન સાથેની હેન્ડબેગ ઉપરાંત અધ્યાત્મ માસિકનો અંક, સર્વમંગલ પુસ્તિકા, એક કેસેટ તેમ જ સરળ-ગીતાનું પુસ્તક મળી અંદાજિત રૂા. ૧૦૦ ની કિંમતની ભેટ દરેક વિદ્યાર્થીને અપાઈ. વિદ્યાર્થીઓની સાથે આવેલા તેમના ૫૦ જેટલા શિક્ષક સહાયકો પણ ભેટ પ્રસાદ પૂ. શ્રી મા પાસેથી પામ્યા. ઓડિટોરિયમ પૂર્ણ ભરાઈ જતાં પ્રેક્ષકો વચ્ચેના પગથીઆઓ ઉપર પણ આ કાર્યક્રમને પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં માણવા ગોઠવાઈ ગયા તેમ છતાં લગભગ ૧૫૦ જેટલા પ્રેક્ષકોને જગ્યાના અભાવે ન સમાવી શકાયા.

ગીતોના શબ્દો એક જ હોવા છતાં અભિનયના વૈવિધ્યની કાર્યક્રમ ખૂબ રસપ્રદ બન્યો તો પૂ. શ્રી મા પાલનપુરના આંગણે પધાર્યાં છે તે અવસરે સ્પર્ધામાં ન હોવા છતાં પાંચ સંસ્થાઓએ તેમની અલગ અલગ કૃતિઓ રજૂ કરી. પ્રેક્ષકવૃંદને કાર્યક્રમની પૂર્ણાહુતિ સુધી પકડી રાખ્યું.



## વિકલાંગ બાળકોનું ભાંગડા નૃત્ય

● વિકલાંગ બાળકોની સંસ્થા 'મમતા મંદિર' પાલનપુરના વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ 'ભાંગડા નૃત્ય' સમગ્ર કાર્યક્રમની અવિસ્મરણીય સ્મૃતિ બની રહી. અનેક પ્રકારની શારીરિક ક્ષતિઓ હોવા છતાં એવા અદ્‌ભુત અભિનય સાથે આ બાળકોએ તેમની કૃતિ રજૂ કરી કે પ્રેક્ષક સમુદાય તેમની ક્ષમતા જોઈ મંત્રમુગ્ધ બની ગયો અને તેમને પ્રોત્સાહિત કરવા એક પછી એક રોકડ પુરસ્કારોની જાહેરાત કરી તેમને બિરદાવ્યા. અમેરિકાથી આવેલા પૂ. શ્રી માના ભક્ત શ્રીમતી નયનાબેન જગદીપભાઈ ભક્તે રૂા. ૫૦૦૦/—નો રોકડ પુરસ્કાર ધરી આ વિકલાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા તે જ રીતે શ્રી દિલીપભાઈ પટેલ, અંબાજી તેમ જ શ્રી ભગવાનદાસ બધેકા—ડીસા જેવા કલાપારખુ પ્રેક્ષકોએ પણ તેમને રોકડ પુરસ્કારોથી નવાજ્યા.

● કાર્યક્રમ દરમ્યાન સુરતમાં યોજાયેલ ધો. ૧૨ ના વિદ્યાર્થીઓના પારિતોષિક વિતરણ સમારોહ 'યોગજ્યોત ગૌરવ'માં ઉપસ્થિત ન રહી શકનાર પાટણ જિલ્લાના વિદ્યાર્થી શ્રી રમેશચંદ્ર બાબુલાલને સામાન્ય પ્રવાહમાં સમગ્ર પાટણ જિલ્લામાં પ્રથમ આવવા બદલ યોગજ્યોત ગૌરવ પારિતોષિક તરફથી રૂા. બે હજારનો રોકડ પુરસ્કાર તેમ જ પુસ્તકો, કેસેટ અને પ્રસાદની કીટ પૂ. શ્રી માના વરદહસ્તે અર્પણ કરાયા. તે જ રીતે શ્રી યોગેશ્વરજી કૃત 'સરળ ગીતા'ની જ્ઞાનવર્ધક કસોટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી શ્રી ભરત કે સુથાર—ડીસા. અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર .......... જેઓ સ્વર્ગારોહણ અંબાજીના કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહી

ન શકેલ તેમને પણ પારિતોષિક આ કાર્યક્રમ દરમ્યાન પૂ. શ્રી માના વરદહસ્તે અર્પણ કરાયાં.

● નિર્ણાયકોએ પરિણામ તૈયાર કરતા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ તેની જાહેરાત કરતા જણાવ્યું કે ટ્રસ્ટદ્વારા પ્રથમ વિજેતા સંસ્થાને રૂા. ૧૦૦૦/—નો રોકડ પુરસ્કાર અને કોમ્પ્યુ-ટર ડીઝાઈન પર તૈયાર કરેલ શીલ્ડ દ્વિતીય વિજેતાને રૂા. ૭૫૦ નો રોકડ પુરસ્કાર અને શીલ્ડ તેમ જ તૃતીય વિજેતાને રૂા. ૫૦૦ સાથે શિલ્ડ અર્પણ કરાશે.

પ્રથમ વિજેતા તરીકે પાલનપુરની સંસ્થા મમતામંદિરને 'વિકલાંગ વિદ્યાર્થીઓદ્વારા ભાંગડા નૃત્ય' કૃતિ માટે. અને દ્વિતીય વિજેતા તરીકે ડીસાની સંસ્થા દોશી ના. જે. હાઈસ્કૂલને 'ચિત્રકાર તું ચિત્ર બનાદે ઉન સૈનિક મતવાલોંકા' કૃતિ માટે. તેમ જ તૃતીય વિજેતા તરીકે પાલનપુરની સંસ્થા માતુશ્રી કુંવરબા મહિલા કન્યા વિદ્યાલયને 'મિલે સુર મેરા તુમ્હારા' કૃતિ માટે જાહેર કરવામાં આવી.

● નિર્ણાયકો તરીકે શ્રી પ્રવીણભાઈ રાવલ, શ્રી અનિકેત ઠાકર અને શ્રી નયનભાઈ વોરાએ સેવાઓ આપી, જ્યારે કાર્યક્રમના સંચાલન માટે શ્રી અશોકભાઈ દવે અને ચંદ્રિકાબેન ઠક્કરે સેવા આપી જે સૌને પૂજ્ય શ્રી માના હસ્તે પુરસ્કાર અપાયા.

શ્રી શિવરામભાઈ પ્રજાપતિ અને શ્રી રેવાશંકરભાઈ પુરોહિતે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અથાક પરિશ્રમ ઉઠાવી સહયોગ ધર્યો.

રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન લગભગ ૧૦.૪૫ કલાકે થયું.



# પ્રશ્નોપનિષદ્—(૪)

યોગેશ્વરજી

## (૪) બીજો પ્રશ્ન—મુખ્ય દેવ વિશે

બીજો પ્રશ્ન વિદર્ભ દેશના ભાર્ગવનો છે. તે મહર્ષિ પિપ્પલાદને પૂછે છે : 'પ્રભુ, પ્રજાને કેટલા દેવો ધારણ કરે છે? તેમાંના કેટલા પોતાની શક્તિ પ્રકટ કરે છ તથા તે દેવોમાં મુખ્ય દેવ કોણ છે?'

તેના ઉત્તરમાં મહર્ષિ કહે છે કે પ્રજાને ધારણ કરનારા દેવો આકાશ, વાયુ, અગ્નિ, જળ ને પૃથ્વી એ પાંચ મહાભૂત તથા વાણી, મન, આંખ, કાન એ ઈન્દ્રિયો છે. તે બધા પોતાની શક્તિ પ્રકટ કરે છે ને કહે છે કે અમે જ આ શરીરને ધારણ કરીએ છીએ તેમ જ ટકાવીએ છીએ.

એક વાર તે સૌની અંદર ચર્ચા ચાલી કે શરીરને કોણ ધારણ કરે છે ને ટકાવે છે. દરેક પોતપોતાની મોટાઈ ને શક્તિનાં ગુણગાન ગાવા માંડ્યાં. ત્યારે છેવટે પ્રાણે તે બધાને કહ્યું કે તમે મોહમાં પડીને અજ્ઞાનને લીધે તમારી શક્તિનું અભિમાન ન કરો. હું જ મારા પોતાના પાંચ ભાગ કરીને આ શરીરને ટકાવી રાખું છું, ને તેને ધારણ પણ કરું છું.

પરંતુ પ્રાણની વાતમાં કોઈને વિશ્વાસ ન બેઠો, તેથી મુખ્ય પ્રાણે શરીરની બહાર નીકળવાની શરૂઆત કરી. પરંતુ પ્રાણ વિના શરીરની બીજી ઈન્દ્રિયો શું કરે? તે તદ્દન નિર્બળ ને નિષ્ક્રિય તથા ચેતન વિનાની થઈ ગઈ. મધમાખોનો રાજા મધપૂડાની બહાર નીકળે એટલે બધી મધમાખો બહાર નીકળે

છે, ને જો મધપૂડામાં રહે તો બધી મધમાખો અંદર રહે છે, તેવી રીતે પ્રાણના બહાર નીકળવાની સાથે જ બધી ઇન્દ્રિયો કે તેના દેવો અશક્ત બની ગયા ને કોઇ જ કામ ન કરી શક્યા. શરીર પણ જડ જેવું થઇ ગયું.

વાસ્તવિક જગતમાં પણ એ જ અનુભવાય છે. શરીરમાં જ્યાં સુધી પ્રાણ હોય ત્યાં સુધી જીવન પણ ટકે છે. પરંતુ પ્રાણ બહાર નીકળ્યા પછી જીવનનું કોઇ પણ ચિહ્ન નથી રહેતું.

ઋષિ કહે છે કે ઇન્દ્રિયોના બધા દેવોએ પ્રાણની શ્રેષ્ઠતા જાણી. તેમને ખાતરી થઇ કે પ્રાણની મહત્તા સૌથી વધારે છે. તેથી તેમનો અહંકાર દૂર થયો ને તે બધા પ્રાણની પ્રશંસા કે સ્તુતિ કરવા માંડ્યા.

પ્રાણને લીધે શરીર, મન ને સમસ્ત બ્રહ્માંડ ટકી રહ્યાં છે. પ્રાણ વિના કશું ઘડીભર પણ ન ટકી શકે. ચર ને અચર, નાના ને મોટા બધા પદાર્થો પ્રાણતત્ત્વને લીધે જ જીવન મેળવે છે. પરંતુ પ્રાણની સેવા કેટલી બધી શાંત ને મૂંગી છે! તે પ્રથમ પંક્તિનો મૂક સ્વયંસેવક છે. તેને પોતાની શક્તિનું અભિમાન નથી તેમ જ સેવાનો નશો નથી. પોતાની શક્તિનો થોડો પરચો તેણે બતાવ્યો તે તો બીજી ઇન્દ્રિયોના દેવો તેને તદ્દન ભૂલી જઇને અહંકારી થઇ ગયેલા તેમની સાન ઠેકાણે લાવવા ને તેમને વાસ્તવિકતાનું ભાન કરાવવા માટે જ. તેના ઉદાહરણ-માંથી પાઠ લઇને માણસે પોતાની સાથે સંકળાયેલાની મૂંગી છતાં સાચી સેવા કરતાં શીખવાનું છે. યશ કે નામનાની લાલસાથી મુક્ત થઇને સહજ કર્તવ્યરૂપે કરેલી સેવા ભારરૂપ નથી થતી, કેફ કે નશો નથી ચડાવતી, પરંતુ યજ્ઞરૂપ બનીને જીવનનું કલ્યાણ કરનારી થઇ પડે છે. તેને એક પ્રકારની



શ્રેયસાધના જ સમજવી. કર્મને એવી સાધનાનું સ્વરૂપ આપવા-ની જરૂર છે. પછી બીજી કોઇ સાધના કે તપસ્યાની જરૂર નહિ પડે. ઉપનિષદ્‌ની એ રહસ્યવાતને આગળ ગીતામાં સારી રીતે ને વિસ્તારથી સમજાવવામાં આવી છે.

આવા ઉત્તમ પ્રાણની સ્તુતિ કરતાં દેવો કહેવા માંડ્યા : પ્રાણ જ અગ્નિ રૂપે તપે છે, સૂર્ય થઇને પ્રકાશ પૂરો પાડે છે, ને સંસારને જીવન આપે છે. ઇન્દ્ર, વાયુ ને વરસાદનો દેવ પણ તે જ છે. પૃથ્વી પણ તેનું જ સ્વરૂપ છે. સત્યરૂપ, અસત્યરૂપ ને અમૃત પણ તે જ છે. રથનાં પૈડાંના આરા જેમ નાભિમાં સ્થિર થયા હોય છે, તે પ્રમાણે ઋચાઓ, સામ ને યજુર્વેદના મંત્રો, યજ્ઞ, બ્રાહ્મણ ને ક્ષત્રિય જેવી પ્રજાઓ બધું તેની અંદર જ સ્થિર થયું છે.

હે પ્રાણ! પ્રજાપતિરૂપે તું જ ગર્ભમાં સંચાર કરે છે ને જન્મ પણ તું જ પામે છે. આંખ તથા બીજી ઇન્દ્રિયોરૂપ બીજા પ્રાણોની સાથે તું શરીરમાં વિરાજે છે, ને લોકો તને જ વિવિધ વિષયોરૂપ બલિ આપે છે. પિતૃને અપાતું પ્રથમ સ્વધા દ્રવ્ય તું જ છે, તથા અથર્વા ને અંગિરસ નામના ઋષિઓનું સત્ય કર્મ પણ તું જ છે. હે પ્રાણ, તું ઇન્દ્ર છે, તેજસ્વી રુદ્ર ને રક્ષણ કરનાર છે. પ્રકાશનો પતિ સૂર્ય થઇને તું પ્રકાશે છે ને વાયુરૂપે વિચરે છે. તું જ્યારે વરસાદરૂપે વરસે છે ત્યારે ‘હવે અનાજ પેદા થશે’ એમ માનીને લોકો આનંદમાં આવી જાય છે. એકર્ષિ નામે પ્રસિદ્ધ અગ્નિ પણ તું જ છે. તું અન્નનો ભોક્તા ને સંસારનો સ્વામી છે. તું સૌનો આદિ છે. તને અમે આહુતિ આપીએ છીએ. માતરિશ્વા નામે વિખ્યાત વાયુનો પણ તું પિતા છે, તારું સ્વરૂપ અમારી વાણીમાં, કાનમાં ને આંખ તેમ જ

મનમાં સ્થિર થયું છે. તે સ્વરૂપ સદાય સ્થિર રહે તેમ જ કાયમ માટે કલ્યાણકારી થાય. તું શરીરને છોડીશ નહિ; નહિ તો તેનો નાશ થશે. જે કાંઇ ત્રિલોકમાં છે તે બધું પ્રાણને આધીન છે. હે પ્રાણ, મા જેમ પુત્રોની રક્ષા કરે તેમ તું અમારી નિરંતર રક્ષા કર ને અમને સદ્‌બુદ્ધિ તેમ જ સમૃદ્ધિ આપ. તને વારંવાર વંદન હો!

આ પ્રમાણે સંક્ષેપમાં ઋષિએ પ્રાણની ઉત્તમતા ને મહત્તા બનાવી દીધી.

○

## રજોગુણ તથા તમોગુણ મટાડવાના ઉપાય

(૧) સારું—નરસું તથા હિત—અહિતનો નિર્ણય કરી શકે તેવી બુદ્ધિ કેળવવી જોઇએ.

(૨) સારાને વળગી રહેવું, અને નરસાથી દૂર રહેવું જોઇએ.

(૩) આ કામને માટે ધીરજ કેળવવી જોઇએ.

(૪) ધીરજ પાછળ આત્મા, દેશ, કાલ વગેરેનું જ્ઞાન પણ હોવું જોઇએ.

(૫) આપણે કોણ છીએ, કેવી પ્રકૃતિના છીએ, કયા પ્રદેશમાં વસીએ, કયો સમય કે ઋતુ ચાલે છે—વગેરે બાબતોના આધારે ધીરજ કેળવવી જોઇએ.



# પૂ. મા

બે શ્વાસોનું ગૌરવ, અમને બે શ્વાસોનું ગૌરવ,
ભર્યા આપની સમીપ, એવા બે શ્વાસોનું ગૌરવ.

અવનિના એક અચરજ જેવા, તમે રહ્યા છો મ્હાલી,
વિસ્ફારીત અમ જડ નયનોથી, લીલા રહ્યા નીહાળી,
સર્જન દીઠા ઈતિહાસના બે આંખોનું ગૌરવ.

મનુજ થઇ દેવત્વ સુધીનું, આરોહણ તમે કીધું,
માનવમનની શક્તિ કેરું, વિરાટ્ રૂપ અમે દીઠું,
સાથ ભર્યા તમ, અવનિ પર એ બે કદમોનું ગૌરવ.

તનના આ સ્થૂલ પિંજરમાંથી, પ્રતિપલ વહેતો વાયુ,
કાળતણી કોમલ મૂઠ્ઠીમાં, સતત સરકતી આયુ,
થંભીને સાથે ગુજાર્યા, એ બે પલનું ગૌરવ.

**ચાતક**

### પૂ. માની સંનિધિમાં

# રીંછડિયા મહાદેવની યાત્રા

ડો. બી. જે. જાગાણી

તા. ૨૮–૧૦–૦૩ ના રોજ બપોરના ૨–૩૦ થી સાંજના ૭–૦૦ કલાક સુધી પૂ. માની સંનિધિમાં રીંછડિયા મહાદેવની પદયાત્રા થઇ. સ્વર્ગારોહણતીર્થ–અંબાજીથી પાંચ કિલોમીટર દૂર આવેલું રમણીય સ્થાન છે. ૧૨૫ જેટલા સાધક ભાઇ–બહેનોએ આ યાત્રામાં પૂ. માની લીલાના દર્શન કર્યા અને બોધ પામ્યા. રસ્તામાં ધૂન, ભજન, મંત્રગાન, સંકીર્તન થાય છે. ઢોલક, કરતાલ, ખંજરી, મંજરીના તાલે સૌ સંકીર્તનની મસ્તી માણે છે. પૂ. માની ઉપસ્થિતિ ને મળતી પ્રેરણાથી વાતાવરણ ગોકુળિયા ગામ જેવું થઇ જાય છે. સૌના મનમાં પૂ. માને પામ્યાનો, સાથે રહ્યાનો, સાથે ચાલ્યાનો, સંકીર્તનનો આનંદ છે ને મનોમન ગૌરવ માને છે. વચ્ચે વચ્ચે પૂ. મા રસ્તાની માટી-પર કંઇ પણ પાથર્યાવિના, આસન કે ગાદી મૂક્યા વિના બેસી જાય છે. સાધકો પણ બેસી જાય છે. કેટલાંક સાધકોને કૃપા પ્રસંગો બોલવા કહે છે. કૃપા પ્રસંગોના વર્ણન થયા પછી પૂ. મા સ્લેટપર કંઇક બોધપ્રદ લખે છે જે સાધકોને ખૂબ ઉપયોગી થાય તેવું છે.

શ્રી આશિષ ગોહિલ પોતાની દીકરી વૈષ્ણવીની એક્સિ-ડેન્ટમાં કેવી રીતે રક્ષા થઇ તેનું વર્ણન કરે છે પછી પૂ. મા લખે છે, ‘અકસ્માતના સ્થળે પૂ. શ્રીની સૂક્ષ્મ હાજરી હતી. માટે જ પ્રભુએ રક્ષા કરી. એક બાળકને ગુમાવી દેત તો મા–બાપ



જીવનભર પ્રભુમાંથી શ્રદ્ધા ઉપાડી લેત. પણ ત્યાં હરિની એક હજાર આંખ એને કૃપાદષ્ટિથી રક્ષા કરતી હતી.’

શ્રી બિપીનભાઇ તન્ના વેપારી છે. ધંધામાં છેલ્લા ઘણા સમયથી સંઘર્ષમય જીવન જીવી રહ્યા છે. પ્રભુએ લાજ રાખી છે તેવું વર્ણવે છે. પૂ. મા લખે છે, ‘બિપીનભાઇ તો છેલ્લા ત્રણ–ચાર વર્ષથી ધંધા સામે કુરુક્ષેત્રના મેદાનમાં ઊભા છે. છતાં પણ હારતા નથી, નથી જીતતા કે મેદાન છોડતા. જો રથ છોડી દે તો પીછે હઠ કરતા ક્યાં વાર લાગે તેમ છે? પણ એક અખંડ શ્રદ્ધાભક્તિનું પૂર્વનું ભાથું એની મદદે ઊભું છે. આવા કૃપાપ્રસંગો એક જાતની મલ્ટીવિટામીનની ગોળી જેવા છે. એક એક પ્રસંગ આપણને શ્રદ્ધાથી ટટ્ટાર કરે છે.’

રસ્તામાં જે જગ્યાએ સૌ બેઠા હતા ત્યાંથી પૂ. મા સાથે સૌ આગળ ચાલે છે. સંકીર્તન થાય છે.

શ્રીમતી ભાનુબેન જાંબુચાએ કૃપેશની રક્ષા કેવી રીતે થઇ તે કૃપાપ્રસંગ કહ્યો. પૂ. માએ લખ્યું, ‘પ્રસાદની વસ્તુ કેવું ચન્મય બનીને કામ કરી દે છે. જાણે હીંચકો પ્રાર્થના, ભજનનું આસન, ને તે હીંચકો સતત સાત્ત્વિક સ્મરણ કરાવ્યા કરે. દરેકના ઘરમાં એવું કોઇક સાત્ત્વિક સંભારણું મળી જાય તો તે નિસરણીનું કામ કરે.’ શ્રીમતી ભાનુબેન હીંચકાપર બેસીને સતત પ્રાર્થના, જપ ને ભજન કરતાં, આ હીંચકાપર પૂ. મા બેઠેલા એટલે પ્રસાદી સ્વરૂપે તે હીંચકાને રાખતા. આ હીંચકો એ સંભારણું થઇ ગયું ને પૂ. માએ તેને ભક્તિમાર્ગમાં નિસરણીનું બિરુદ આપી દીધું.

સૌ સાધકો પૂ. મા સાથે સંકીર્તન કરતાં કરતાં આગળ ચાલે છે. એક વાડીના પ્રવેશદ્વારે સૌ બેસે છે. પૂ. મા સૂર્યની સામે

બેસે છે. પૂ. મા બધાને ચોકલેટ—પીપર આપે છે. શિવમ્‌ને પૂ. મા યાદ કરે છે. શિવમ્ શ્રી વિજયભાઇ કનેરિયાનો દીકરો છે. નાની ઉંમર છે છતાં પણ ચિન્મય મિશન કોઇમ્બતૂરમાં ભણવા મૂક્યો છે. આ બાળકની રોજનીશી કેવી છે તેનું વર્ણન સ્મિતાબેન કનેરિયા કરે છે. પૂ. માનો સ્નેહ—પ્રેમ કેટલો છે? આ યાત્રામાં પણ હોસ્ટેલ જીવન જીવી રહેલા શિવમ્‌ને યાદ કરે છે. ‘હરિ જેને સ્મરે તે તો સહેજે તરે’ એવું સૌને લાગે છે. શ્રી દીપકભાઇ મહેતા શ્રી નિમિત્તભાઇ વગેરેએ કૃપા પ્રસંગો કહ્યા. પોતાનું શૂષ્ક જીવન રસાળ બનાવવા પૂ. માએ ખૂબ કૃપા કરી છે તેને આભારવશ થઇને યાદ કરે છે.

શ્રી અજયભાઇ કલોલા સાંજના ૫—૦૦ કલાકે એક આંબલીના નીચે પૂ. મા બિરાજમાન થાય છે. સંકીર્તન થાય છે. સૌ ગરબા લે છે. હવે તડકો ઓછો થયો છે. સૌને લાગે છે કે કૃષ્ણ સાથે ગોપબાળો વૃંદાવનમાં વિહરી રહ્યાં છે. શ્રી અજયભાઇ જાનીને શિહોર સ્થિત બી. સી. એ. કોલેજમાં આચાર્યની નોકરી કેવી રીતે મળી અને મા—પ્રભુ સતત ધ્યાન રાખે છે તેનું વર્ણન કર્યું.

શ્રી અજયભાઇ કલોલાએ દશરથ પર્વત પર પૂ. માએ ખુલ્લા પગે નિર્જળા સાથે ઉનાળાની ગરમીમાં યાત્રા કરી તે પ્રસંગનું વર્ણન કર્યું. રીંછડિયા મહાદેવના પ્રાંગણમાં સૌ દાખલ થાય છે. સૌ સંકીર્તન કરે છે. શ્રી કૃપેશ દેસાઇને પૂ. મા બદામ—અંજીરનો હાર પહેરાવે છે. શ્રી નીતિનભાઇનો જન્મદિવસ છે એટલે જન્મદિવસનું ગીત ગવરાવે છે ને એક બૂક પણ આપે છે. પૂ. મા અહીંયા પણ નાના બાળકો અને મોટેરાંને પ્રેરણા આપવાનું ચૂકતા નથી.



નીતિનભાઇ વિશે પૂ. મા લખે છે ‘સામાન્ય રીતે દીકરીને વળાવીએ એટલે તેના કોઇ પણ પ્રોગ્રામમાં તેની આશા ન રખાય. આ એક જ દીકરી (પ્રીતિબેન) એવી ભાગ્યશાળી છે કે એના પતિ અતિ નિયમિત સત્સંગમાં આવે છે. આકાર, અમીત, પૂજાને પણ લાવે છે. પ્રીતિબેન ખૂબ ભાગ્યશાળી છે. ઘણીવાર એવું થાય છે કે પ્રીતિબેન ના આવે પણ નિતિનભાઇ આવે. અનેક જન્મોના પુણ્યે સત્સંગી, રસિક, શ્રદ્ધાળુ પતિ મળે. તમે કલ્પના કરો કે હરિશભાઇ, મહાલતાબેન, દક્ષેશે એવી શું વાતો કરી હશે કે શ્રી નિતિનભાઇ શ્રી ચરણે ઢળી પડ્યા. ગૌરવ ને આનંદ થાય, નિતિનભાઇ જેવા સૌને પાત્ર મળે તો? આપણે ઇચ્છીએ કે નિતિનભાઇ સર્વ રીતે સુખી રહે, શ્રદ્ધા ભક્તિ વધતી રહે અને સત્સંગમાં આવતા રહે, લાવતા રહે, અનુભવતા રહે.’

પૂ. મા સ્વર્ગારોહણતીર્થમાં હોય કે યાત્રામાં પોતાના બાળકોને આંખની કીકીની જેમ સાચવે. તેજસ, અજયભાઇ વગેરે ગંગામાંથી ગંગેશ નાટક કરે છે, સૌને ખીચડીનો પ્રસાદ મળે છે. પૂ. માના દર્શન સૌ ધરાઇ ધરાઇને કરે છે. સૌને મોટરમાં સ્વર્ગારોહણતીર્થમાં લાવવામાં આવે છે. યાત્રાપૂર્ણ થાય છે. સૌને ખૂબ આનંદ થાય છે.

# સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન

(ગતાંકથી ચાલુ) **પૂ. યોગેશ્વરજી**

મારી પોતાની જ વાત કરું તો તે વધારે બંધબેસતી, ઉચિત અને ઉપયોગી થઇ પડશે. મારું રોજિંદું જીવન અને એ જીવન ની નાનીમોટી, સાધારણ કે અસાધારણ ક્રિયાઓ સાધનાંય કેવી રીતે થઇ શકી છે તે કહી બતાવું? ગમે ત્યાં સ્નાન કરતો હોઉં તોપણ ભાવનાના બળથી હું સમસ્ત ભારતવર્ષ તથા તેની બધી નદીઓ સાથે સંબંધ સાધી લઉં છું. મુંબઇમાં વૈતરણી યોજનાના પાણીથી નહાતો હોઉં, મદ્રાસમાં હોઉં કે મસૂરીમાં ઠંડા બરફ જેવા નળના પાણીની નીચે બેઠો હોઉં, મનદ્વારા પ્રાતઃસ્મરણીય ઋષિવરે આપેલા પેલા શ્લોકનું સ્મરણ કરી લઉં છું. એટલે ભારતની બધી જ નદીઓ તેમ જ સમસ્ત ભારત સાથે ભાવાત્મક એકતા જ સ્થપાઇ જાય છે, અને અંતર એક પ્રકારના અવર્ણ-નીય આનંદથી ઊભરાઇ રહે છે. આ રહ્યો એ શ્લોક :

**गंगे च यमुने चैव गोदावरी सरस्वती।**
**नर्मदे सिंधु कावेरी जलेस्मिन्सन्निधिं कुरु॥**

ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ તથા કાવેરી આ પાણીમાં પ્રત્યક્ષ બનો!

ફક્ત સ્નાન કરતી વખતે જ નહિ, પરંતુ પાન કરતી વખતે પણ આવી ભાવનાનો આધાર લઇને ઉત્તમ સરિતાના સ્નાન તથા પાનનો લાભ લઇ સકાય છે. ભાવનાનું મહત્ત્વ જીવનમાં ઘણું મોટું છે એ તો સૌ કોઇને ખબર છે.



જમતી વખતે પણ એવી જ ભાવના કરી શકાય છે, પરંતુ જરા જુદી રીતે. ભોજનની જે થાળી આપણી આગળ પડી છે તે પરમાત્માના પ્રસાદરૂપ છે. તે ભોજન ખાવાથી ઉત્તમ લોહી બનશે, શક્તિ પેદા થશે, બુદ્ધિ પ્રકટશે, અને એની મદદથી પોતાના ને બીજાના જીવનને ઉજ્જ્વળ કરવા માટેની પ્રવૃત્તિ થશે, એવા ભાવપૂર્વક ભોજન કરવાથી, કેવળ શરીરસંપત્તિને વધારવા માટે કરાતી બહારથી સાવ સાધારણ દેખાતી જમવાની ક્રિયા, મન અને અંતરને પ્રેરણા પૂરી પાડનારી અસાધારણ સાધના બની જાય છે, અને અનેરો આનંદ આપે છે.

સૂતી વખતે પણ પરમાત્માના અંકમાં આરામ કરતા હો એવા ભાનપૂર્વક સૂઇને, સૂવાની ક્રિયાને શાંતિમય સાધનાનું સ્વરૂપ આપી શકાય છે.

(ક્રમશઃ)

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

વસુદેવે એની અલૌકિકતાને સમજી લઇને એની સ્તુતિ કરી એટલે દેવકીએ પણ એની પ્રશસ્તિ કરી.

એથી પ્રસન્ન બનીને બાળક મંદ મંદ હસવા લાગ્યું ને બોલ્યું :

'મારા દર્શનથી તમને કોઇ જાતનો ભય તો નથી લાગતો?'

વસુદેવે કહ્યું :

'અત્યારે તો આ ધન્ય આનંદદાયક દર્શનથી અમારો બધો જ ભય દૂર થયો છે. તમારા જેવા દૈવી પુત્રની પ્રાપ્તિ થવાથી અમારું કષ્ટપ્રધાન કરુણ જીવન કૃતાર્થ થયું છે.'

'વસુદેવ, તમારું અંતર અજ્ઞાનથી આવૃત્ત હોવાથી તમને ખબર નથી કે આપણો સંબંધ પુરાતન છે અને તમારા પુત્રરૂપે મારું પ્રાકટ્ય પણ તમારી આકાંક્ષાના અનુસંધાનમાં જ થઇ રહ્યું છે.'

'મને કાંઇ સમજ ના પડી.' વસુદેવ બોલી ઊઠ્યા.

'અને મને પણ.' દેવકીએ સૂર પુરાવ્યો.

'તમને તેની સમજ ના પડે એ સ્વાભાવિક છે.' બાળક બોલ્યું : 'કારણ કે તમારી બંનેની બુદ્ધિ આગળ પડદો છે. એ પડદાને લીધે જ જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપને વીસરી જાય છે અને અશાંતિનો અનુભવ કરે છે. તમારા જન્માંતરની તમને માહિતી નથી એટલે જીવનમાં બનતી ઘટનાઓના કાર્યકારણ-ભાવને તમે નથી સમજી શકતાં. તમારી ઇચ્છા હોય તો તમને તે સમજાવવાનો પ્રયત્ન કરી જોઉં.'

'કરી જુઓ.'



'જરૂર.'

દેવકી તેમ જ વસુદેવ બંને લગભગ એકસાથે જ બોલી ઊઠ્યાં.

'જુઓ ત્યારે સાંભળો. તમારા પૂર્વજન્મના રહસ્યને તમારી આગળ પ્રકટ કરું. સ્વાયંભુવ મન્વંતરમાં જ્યારે તમારો પહેલો જન્મ થયો ત્યારે તમારું નામ સુતપા હતું ને દેવકીનું પૃશ્નિ. તમારા બંનેનાં હૃદય એ વખતે રાગદ્વેષરહિત તથા નિર્વિકાર અને શુદ્ધ હતાં.'

વસુદેવ અને દેવકી એ પરમશાંત સુધામય શબ્દોને શાંતિથી સાંભળી રહ્યાં.

એમની જિજ્ઞાસાવૃત્તિ વધી ગઇ.

ચિત્તની બધી જ વૃત્તિઓ સ્થિર થઇ.

ત્યાં તો એ અદ્‌ભુત બાળકે આગળ કહ્યું :

'એ જન્મમાં પુત્રપ્રાપ્તિની પવિત્ર ભાવનાથી પ્રેરાઇને તમે બંનેએ દેહ તથા ઇન્દ્રિયોનું દમન કરીને તીવ્ર તપશ્ચર્યા કરી.'

વર્ષા, વાયુ, શીત, ઉષ્ણ, સુખદુઃખ, લાભહાનિ જેવાં દ્વંદ્વો-ને અને બીજી અનેક પ્રકારની પ્રતિકૂળતાઓને સહન કરતાં સાધના કરી.

પ્રાણાયામ, ધારણા તેમ જ ધ્યાનદ્વારા પ્રાણને પ્રકાશમય કરવાની અને મનને મધુતાથી મંડિત બનાવવાની પ્રવૃત્તિ આદરી.

તમારી એ તપશ્ચર્યા અભૂતપૂર્વ અને એકદમ અસાધારણ હતી.

કોઇવાર તમે બંને પવનપ્રાશન કરતાં તો કોઇવાર પાંદડાં ખાતાં.

ઉત્સાહયુક્ત શાંતચિત્તની એ સુદીર્ઘ સાધનાથી તમારા મનની મલિનતા દૂર થઇ.

પ્રખર પ્રેમ તેમ જ શ્રદ્ધાભક્તિથી મારા અનુગ્રહની આકાંક્ષાથી પ્રેરાઇને થયેલી તમારી સુંદર સાધનાથી છેવટે હું પ્રસન્ન થયો અને આ જ સ્વરૂપમાં પ્રકટ થઇને તમારી ઉપર અનુગ્રહ કરવા માટે આવી પહોંચ્યો.

તમારી અભિલાષાને પૂર્ણ કરવાની ઇચ્છાથી મેં કહ્યું :

તમારી તપશ્ચર્યાથી પ્રસન્ન થઇને હું તમને દર્શન દેવા અને અનુગ્રહિત કરવા માટે પ્રકટ થયો છું. મારું દેવદુર્લભ દર્શન જેને—તેને નથી થઇ શકતું. એ દર્શન અમોઘ હોય છે. તમારી ઇચ્છાને હું પૂર્ણ કરીશ. મારી પાસેથી તમારી ઇચ્છાનુસાર વરદાન માગી લો.

મારા એ સુધામય સુંદર સ્વરૂપનું દર્શન તમારે માટે અતિશય આનંદદાયક થઇ પડ્યું.

કેમ ના થઇ પડે?

એ દર્શન સૌ કોઇને માટે શાંતિકારક અને આનંદદાયક જ હોય છે.

તમને બંનેને તમારી તપશ્ચર્યાની સાર્થકતાનો સ્વાદ સાંપડ્યો.

મારી પાસે તમને મારા જેવા પુત્રની માગણી કરી.

બીજા તપસ્વીઓ અને મુનિઓની પેઠે મુક્તિની અથવા બીજી કોઇ સિદ્ધિઓની માગણી ના કરી.

મેં તમને સમજાવી જોયાં તોપણ તમે તમારી માગણીમાં મક્કમ રહ્યાં એટલે આખરે મારે એ માગણીને માન્ય રાખવી પડી.



તમને તેથી તૃપ્તિ થઇ. પરમતૃપ્તિ.

સંસારમાં મારા સમાન ગુણ, લક્ષણ કે યોગ્યતાથી સંપન્ન બીજું કોણ મળે? એટલે હું જ તમારો સુપુત્ર થયો ને એ જન્મમાં પૃશ્નિગર્ભ નામથી પ્રસિદ્ધિ પામ્યો.'

વસુદેવ અને દેવકીને એ સાંભળીને રોમાંચ થઇ આવ્યાં.

એમનાં લોચન ભીનાં થયાં.

'કેટલો અદ્ભુત ઇતિહાસ છે?' એમણે ઉદ્ગારો કાઢ્યા.

'એકદમ અદ્ભુત અને આનંદદાયક.' બાળકે કહ્યું : 'અસાધારણ અને આશ્ચર્યકારક પણ ખરો. તમને તેની વિસ્મૃતિ થઇ છે એટલું જ. બાકી એ ઇતિહાસ ખરેખર અદ્ભુત છે.'

કારાવાસના એ શાંત શયનકક્ષમાં થોડોક સમય સંપૂર્ણ શાંતિ છવાઇ રહી.

એને મધુરતાથી મંડિત કરતા સ્વરમાં એ અસાધારણ દૈવી શિશુએ કહેવા માંડ્યું :

'એ પછી બીજા જન્મમાં તમે બંને કશ્યપ અને અદિતિ થયાં અને મેં ઉપેન્દ્ર બનીને તમારા પુત્રરૂપે જન્મ લીધો.

મારા એ જન્મમાં હું વામનરૂપે વિખ્યાત થયો.

(ક્રમશઃ)

○